RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 336* Date: 03.10.2020 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૮૧ હજારથી વધુ પોઝિટિવ કેસ નોંધાયા

## કોરોના મહામારીઃ દેશમાં મૃત્યુઆંક આજે ૧ લાખને પાર પહોંચશે

### કુલ સંક્રમિતોનો આંકડો ૬૩.૯૪ લાખને પાર, ૧૦૯૫ના મોત સાથે મૃત્યુઆંક ૯૯૭૭૩ પર પહોંચ્યો

*ન્યુ દિલ્હી,તા.૨*

ભારતમાં કોરોના વાઈરસથી સંક્રમિતોની સંખ્યા સતત વધી રહી છે. છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના ૮૧,૪૮૪ નવા પોઝિટિવ કેસ સામે આવ્યાં છે. જ્યારે આજ સમયગાળામાં વધુ ૧૦૯૫ લોકોના મરણ નોંધાયા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર, નવા કેસો ઉમેરાવા સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૬૩,૯૪,૦૬૯ પર પહોંચી ગઈ છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૯૯,૭૭૩ થઈ ગયો છે.

દેશમાં હાલ ૯,૪૨,૨૧૭ કોરોનાના એક્ટિવ કેસ છે. જો કે રાહતની વાત છે કે, છેલ્લા ૨૪ કલાકમાં ૭૮,૬૪૬ લોકો રિકવર થઈ ચૂક્યાં છે. આ સાથે જ અત્યાર સુધી ૫૩,૫૨,૦૭૮ દર્દીઓ સારવાર મેળવ્યા બાદ કોરોનાને માત આપવામાં સફળ રહ્યાં છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચના જણાવ્યા પ્રમાણે, ૧ ઓક્ટોબર સુધી કોરોના વાઈરસના કુલ ૭.૬૭ કરોડ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવી ચૂક્યાં છે. જેમાંથી ૧૧ લાખ કોરોના ટેસ્ટિંગ ગઈકાલે જ કરવામાં આવ્યાં હતાં.

મહારાષ્ટ્રમાં ગુરુવારે ૧૬,૪૭૬ નવા દર્દીઓ ઉમેરાયા. જેની સામે ૧૬,૧૦૪ લોકો સ્વસ્થ થઈ ગયા છે. રાજ્યમાં હાલ ૨,૫૯,૦૦૬ એક્ટિવ કેસ છે. અહીં કોરોના ટેસ્ટનો પોઝિટિવિટી રેટ ૨૦.૪ ટકા છે. જે સમગ્ર દેશમાં સૌથી વધુ છે. એટલે કે, અહીં દર ૧૦૦ ટેસ્ટ પર ૨૦ લોકો પોઝિટિવ આવી રહ્યાં છે.ઉત્તર પ્રદેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૧,૬૪,૭૮૭ ટેસ્ટ કરવામાં આવ્યાં છે. અત્યાર સુધી કુલ ૧,૦૨,૬૩,૭૦૯ ટેસ્ટીંગ કરવામાં આવ્યાં છે. રાજ્ય સરકાર દ્વારા નવી ગાઈડ લાઈન અંતર્ગત સ્કૂલ અને કોચિંગ ઈન્સ્ટીટ્યૂટ ૧૫ ઓક્ટોબર બાદ તબક્કાવાર ખોલવામાં આવશે.

રાહતની વાત છે કે, મૃત્યુદર અને એક્ટિવ કેસમાં સતત ઘટાડો નોંધવામાં આવી રહ્યો છે. મૃત્યુદર ઘટીને ૧.૫૬ ટકા થઈ ગયો છે. આ સિવાય એક્ટિવ કેસ, એટલે કે, જેમની સારવાર ચાલી રહી છે તેમનો દર પણ ઘટીને ૧૫ ટકા થઈ ગયો છે. આમ રિકવરી રેટ એટલે સ્વસ્થ થવાની સરેરાશ પણ ૮૩ ટકા પર પહોંચી છે. આ રીતે ભારતમાં રિકવરી રેટ સતત વધી રહ્યો છે.

### ટ્રમ્પના અંગત સલાહકાર હોપ હિક્સ પોઝિટિવ આવ્યા બાદ ક્વોરન્ટાઈન થયા હતા

## વ્હાઈટ હાઉસમાં કોરોનાની એન્ટ્રીઃ ટ્રમ્પ દંપતિ પોઝિટિવ



### ૧૪ દિવસ ટ્રમ્પ ક્વૉરન્ટાઈનમાં,ચૂંટણી પ્રચાર નહીં કરી શકે, ટ્રમ્પે બીડને પહેરેલા માસ્કની પણ મજાક ઉડાવી હતી ત્યારે તેમની ભારે ટીકા થઈ હતી

*વૉશિંગ્ટન,તા.૨*

અમેરિકી રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી માથા પર છે ત્યારે ખુદ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કોરોના પોઝિટિવ હોવાના સમાચારે ખળભળાટ મચાવી દીધો હતો. અત્યાર અગાઉના અહેવાલ મુજબ ચૂંટણી પ્રચારમાં ટ્રમ્પની સાથે ફરતી મહિલા સહાયક હોપ હિક્સને કોરોના પોઝિટિવ આવ્યો હતો. એ જાણીને ટ્રમ્પે પોતાને ક્વોરંટાઈનમાં મૂક્યા હતા.

આજે સવારે ખુદ ટ્રમ્પે ટ્વીટ કરીને આ સમાચાર જાહેર કર્યા હતા. તેમને કોરોના પોઝિટિવ આવવા ઉપરાંત તેમનાં પત્ની મેલાનિયાને પણ કોરોના પોઝિટિવ હોવાના રિપોર્ટ પ્રગટ થયા હતા. હવે ઓછામાં ઓછા ૧૪ દિવસ ટ્રમ્પ જાહેરમાં ફરી નહીં શકે કે ચૂંટણી પ્રચાર કરી નહીં શકે. તેમણે મિનિમમ ૧૪ દિવસ ક્વોરંટાઈનમાં રહેવું પડશે.

અત્રે એ યાદ કરવા જેવું છે કે અમેરિકામાં કોરોના ફેલાયો એ પરિસ્થિતિને હલ કરવામાં ટ્રમ્પના વહીવટી તંત્રે જે ગફલો કર્યો એની આકરી ટીકા દુનિયાભરના મિડિયાએ કરી હતી. ટ્રમ્પ પોતે લાંબા સમયથી માસ્ક વિના જાહેરમાં ફરતા હતા. લાંબો સમય એમના આ વર્તનની ટીકા થઈ ત્યારબાદ તેમણે માસ્ક પહેરવાનું શરૂ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ડોનાલ્ડ ટ્રમ્પના બહુ જ નજીકના મહિલા સહયોગી હોપ હિક્સનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કાઉન્સિલર હોપ હિક્સે તાજેતરમાં જ ટ્રમ્પની સાથે ઓહિયોમાં આયોજિત પ્રથમ પ્રેસિડેન્શિયલ ડિબેટમાં ભાગ લીધો હતો.

તાજેતરમાં ટ્રમ્પ અને તેમના નિકટતમ પ્રતિસ્પર્ધી જો બીડેને પ્રેસિડેન્શ્યલ ડિબેટ કરી હતી. એમાં ટ્રમ્પે બીડેને પહેરેલા માસ્કની મજાક ઊડાવી હતી. ત્યારે બીડેને તેમની ટીકા કરી હતી. હવે ટ્રમ્પ પોતે કોરોના પોઝિટિવ જાહેર થયા હતા.

જો કે, વ્હાઈટ હાઉસના પ્રવક્તા જૂડ ડીરે કહ્યું કે, રાષ્ટ્રપતિ પોતાની સાથે અમેરિકન લોકો માટે કામ કરનારા તમામ લોકોના સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે ગંભીર છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને તેમની સાથે યાત્રા કરનારા લોકોને હંમેશા સાવધાની રાખવાનું કહે છે.

### પોલીસ સાથેની ધક્કામુક્કીમાં ડેરેક ઓ બ્રાયન ફસડાઈ પડ્યા

## હાથરસ ગેંગરેપઃ ટીએમસી સાંસદોના પ્રતિનિધિ મંડળ સાથે પોલીસનું ઘર્ષણ

*લખનૌ,તા.૨*

ઉત્તર પ્રદેશમાં હાથરસ ગેંગરેપ કેસમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી બાદ આજે શુક્રવારે તૃણમુલ કોંગ્રેસના નેતાઓનું એક જુથ ગેંગરેપ પીડિતાના પરિજનોને મળતા હાથરસ જઈ રહ્યું હતું. આ દરમિયાન TMCના નેતા ડેરેક ઓ'બ્રાયન સાથે રાહુલ ગાંધી જેવી જ દુર્ઘટના ઘટી હતી તો TMCના મહિલા નેતાએ મહિલા પોલીસકર્મીઓ પર ગંભીર આરોપ લગાવ્યો હત્તો.

તૃણમૂલની નેતા મમતા ઠાકુરે કહ્યું હતું કે, મહિલા પોલીસકર્મીઓએ અમારા બ્લાઉઝ ખેંચ્યા અને અમારી સાંસદ પ્રતિમા મંડળ પર લાઠીચાર્જ કર્યો. જેના કારણે તે નીચે ફસડાઈ પડ્યા હતાં. મહિલા પોલીસના હોવા છતા મેઈલ પોલીસે મહિલા સાંસદને હાથ લગાવ્યો જે અત્યંત શરમજનક બાબત છે.

આજે TMCના નેતા ડેરેક ઓ'બ્રાયન સહિત તૃણમૂલ કોંગ્રેસનું એક પ્રતિનિધિમંડળ હાથરસ જઈ રહ્યું હતું. હાથરસમાં તેઓ પીડિતાના પરિજનોને મળવા જઈ રહ્યાં હતાં. પરંતુ જેવા TMCના નેતાઓ હાથરસની સરહદે પહોંચે તે પહેલા જ તમામને પોલીસે અટકાવ્યા હતાં. આ દરમ્યાન સાંસદ ડેરેક ઓ બ્રાયનને ધક્કા માર્યા અને ત્યાંથી ખસેડવા લાગ્યા. આ ધક્કામુક્કીમાં બ્રાયન ફસડાઈ પડ્યા હતા. જોકે ઘટનાસ્થળે હાજર પોલીસ અધિકારીઓએ ઓ'બ્રાયનને તરત ઉભા કરી લીધા હતાં.

TMC નેતા મમતા ઠાકુરે આરોપ લગાવ્યો હતો કે, અમે ગેંગરેપ પીડિતાના પરિજનોને મળવા જઈ રહ્યાં હતાં, પરંતુ અમને તેની મંજુરી નહોતી આપવામાં આવી. જોકે અમે જવા માટે દબાણ કર્યું તો મહિલા પોલીસકર્મીઓએ અમારા બ્લાઉઝ ખેંચ્યા હતાં. અમારી સાંસદ પ્રતિભા મંડલ પર લાઠીચાર્જ કરવામાં આવ્યો. તેઓ નીચે પડી ગયા. આ દરમિયાન પુરૂષ અધિકારીઓએ તેમને સ્પર્ષ કર્યો હતો. જે અત્યંત શરમજનક છે.

હાથરસ બોર્ડર પર ઘટેલી ઘટનાને લઈને ટીએમસી સાંસદ પ્રતિભા મંડલે કહ્યું હતું કે, અમે મમતા બેનરજી તરફથી કથિત બળાત્કાર પીડિતાના પરિજનોને મળવા માટે મોકલ્યા હતાં જેથી કરીને અમે અમારી સંવેદના વ્યક્ત કરી શકીએ. જોકે અમે અમારો પરિચય આપ્યો તેમ છતાંયે અમને પરિવારજનોને મળતા અટકાવવામાં આવ્યા. એટલુ ઓછુ હોય તેમ અમારી સાથે પોલીસે ધક્કામુકી પણ કરી. જો ઉત્તર પ્રદેશ પોલીસ મહિલા સાંસદનું સમ્માન નથી કરી શકતી તો સામાન્ય લોકોની સ્થિતિ શું હશે તેની તો કલ્પના જ કરવી રહી.

## અરુણાચલ પ્રદેશ ભારતનું અભિન્ન અંગઃ ચીનને અમેરિકાનો ઝટકો



*ન્યુ દિલ્હી/વૉશિંગ્ટન,તા.૨*

ભારતના ભાગો પર ચીન સતત અધિકાર જમાવવા અને આક્રમક સૈનિક કાર્યવાહીઓથી અમેરિકા પણ ઘણુ નારાજ છે. ચીને ગત દિવસોમાં ન ફક્ત લદ્દાખ પરંતુ અરુણાચલ પ્રદેશને પણ વિવાદિત વિસ્તાર ગણાવ્યો છે. જોકે આ મુદ્દા પર ભારતને અમેરિકાનો સાથ મળ્યો છે. અમેરિકાએ કહ્યું કે તે છેલ્લા ૬૦ વર્ષથી અરુણાચલ ભારતનો ભાગ માને છે અને આ નીતિમાં કોઈ ફેરફાર નહીં થાય. બીજી તરફ અમેરિકન કોંગ્રેસે ચીનની વિરુદ્ધ નિર્ણાયક કામગીરી કરવાની વાત કરી છે. અમેરિકાના ગૃહ વિભાગે નિવેદન આપ્યું છે કે લગભગ ૬૦ વર્ષથી અમેરિકાએ અરુણાચલ પ્રદેશને ભારતનો ભાગ માન્યું છે. અમે એક્ચ્યૂલ લાઈન ઓફ કન્ટ્રોલ પર સૈન્યની કે નાગરિકના માધ્યમથી થઈ રહેલી કોઈ પ્રકારની ઘૂષણખોરીના એક પક્ષીય પ્રયાસનો વિરોધ કરીએ છીએ. 'તેમજ વિભાગે કહ્યું કે વિવાદિત વિસ્તાર વિશે અમે ફક્ત એટલુ કહી શકીએ કે અમે ભારત અને ચીનની દ્વીપક્ષીય રસ્તા માટે તેમને પ્રોત્સાહિત કરીએ છીએ અને સૈન્ય બળ ઉપયોગમાં ન લેવા માટે અપીલ કરીએ છીએ. ગત મહિના ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઝાઓ લિજિનથી જ્યારે અરુણાચલમાંથી ગાયબ થયેલા ૫ યુવકો વિશે પુછવામાં આવ્યું તો તેમણે ભારતીયો અંગે માહિતી આપવાની જગ્યાએ તેને ચીનને ભાગ ગણાવ્યું. લિજિને કહ્યું કે ચીને ક્યારેય તેને અરુણાચલ પ્રદેશ માન્યુ જ નથી. જે ચીનના દક્ષિણી તિબ્બતનો વિસ્તાર છે.

### ૨૦૨૧ સુધીમાં કોરોના વાયરસની વેક્સિન આવી શકે છે

## કોરોના મહામારીથી એક-બે વર્ષમાં મુક્તિ મળી શકે છેઃ એમ્સ ડાયરેક્ટર

*ન્યુ દિલ્હી,તા.૨*

એમ્સના ડાયરેક્ટર ડો. રણદીપ ગુલેરીયાએ આવનારા વર્ષની શરૂઆતમાં કોરોના વાયરસની વેક્સિન આવી જવાની આશા લગાવી છે. એક કાર્યક્રમમાં ડોક્ટર ગુલેરીયાએ કહ્યું હતું. કે, જો બધુ બરાબર રહ્યું તો જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં કોરોના વાયરસની વેક્સિન આવી શકે છે. તેણે કહ્યું કે, દૂનિયાને એક બે વર્ષમાં કોરોના મહામારીમાંથી મુક્તિ મળશે.

ભારત જેવી આબાદી વાળા દેશોમાં કોરોના વાયરસની વેક્સિનનું કેવી રીતે વિતરણ કરવામાં આવશે તેના જવાબમાં ડોક્ટર ગુલેરીયાએ કહ્યું કે, જો આ મહામારીને પૂર્ણ કરવી હશે તો પ્રાયોરીટીની સાથે વેક્સિનેશન કરવું પડશે. તેણે કહ્યું કે, મહામારી અમારી પ્રાથમિકતા પહેલા ગંભીર કેસ ધરાવતા કોરોના દર્દીઓને બચાવવાનો છે. કારણ કે, મોતના આંકડા ઉપર લગામ મુકી શકાય. આ અંગે તેણે કહ્યું કે, જે લોકોમાં પહેલાથી ઘણી બિમારી છે. તેમાં સંક્રમણનું જોખમ વધારે છે. તેવામાં અમારી પ્રાથમિકતા વૃદ્ધ અને તેવા લોકોને બચાવવાની રહેશે. કેટલાક લોકોના શરીરમાં ઈન્ફેક્શન ઝડપથી ફેલાઈ રહ્યું છે. આવા લોકોને વેક્સિનેશન દેવામાં પ્રાથમિકતા રાખવામાં આવશે. તો સમગ્ર દૂનિયામાં વેક્સિન કેવી રીતે વહેચાશે આ સવાલના જવાબમાં તેણે કહ્યું કે, તેના માટે WHOએ કેટલીક ગાઈડલાઈન્સ બનાવી છે. જેમાં ગરીબ દેશોને પ્રાથમિકતા દેવામાં આવશે. કોરોના વાયરસની વેક્સિનની સુરક્ષાને લઈને ડો. ગુલેરીયાએ કહ્યું છે કે, જ્યારે પણ અમે વેક્સિનનું ટ્રાયલ કરીએ છીએ તો તે જાનવરો ઉપર લાંબા સમય સુધી ટ્રાયલ કરીએ છીએ. સમયનો બચાવ કરવા માટે પહેલા, બીજા અને ત્રીજા ફેઝમાં ટ્રાયલની સાથે ચાલી રહ્યું છે. જ્યારે અમે કોરોના વેક્સિન ઉતારીશું તો જે લોકોને વેક્સિન લગાવવામાં આવશે તો તેના ઉપર નજર રાખવામાં આવશે. તેના ઉપર કોઈ પણ પ્રકારની સાઈડ ઈફેક્ટ ન થાય. અલગ અલગ ઉંમરના લોકો અને જાતીના લોકોમાં પણ વેક્સિનનો પ્રભાવ જોવાનો રહેશે. વેક્સિનની સુરક્ષાનું પુરી રીતે ધ્યાન રાખવામાં આવશે.

## લોકડાઉનમાં ઈપીએફમાંથી ૩૮.૭૧ લાખ ખાતેદારે પૈસા ઉપાડ્યા

*ન્યુ દિલ્હી,તા.૨*

લોકડાઉન દરમિયાન પચીસમી માર્ચથી ઓછામાં ઓછા ૩૮,૭૧,૬૬૪ જણે એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ (ઈપીએફ)માંથી રૂ. ૪૪,૦૫૪.૭૨ કરોડ ઉપાડ્યા હતા, એમ સંસદમાં સોમવારે જણાવાયું હતું.કોરોના વાઈરસના ફેલાવાને રોકવા માટે સરકાર દ્વારા પચીસમી માર્ચ, ૨૦૨૦ના રાષ્ટ્રીય સ્તરે લોકડાઉન લગાવવામાં આવ્યો હતો.લોકડાઉન લગાવવામાં આવ્યો ત્યારથી અત્યાર સુધી ૩૮,૭૧,૬૬૪ કર્મચારીએ ઈપીએફ અકાઉન્ટમાંથી રૂ. ૪૪,૦૫૪.૭૨ કરોડ ઉપાડ્યા હતા, એમ શ્રમ ખાતાના પ્રધાન સંતોષ ગંગવારે જણાવ્યું હતું. નાણાં ઉપાડવાના કારણોમાં કોવિડ-૧૯નો પણ સમાવેશ થાય છે. ૨૫ માર્ચથી ૩૧મી ઓગસ્ટ સુધી મહારાષ્ટ્રમાં ૭,૨૩,૯૮૬ અરજીઓ માટે ઈપીએફમાંથી સૌથી વધુ રૂ. ૮,૯૬૮.૪૫ કરોડ ઉપાડવામાં આવ્યા હતા, જ્યારે કર્ણાટકમાં ૪,૮૪,૧૧૪ અરજીઓ માટે રૂ. ૬,૪૧૮.૫૨ કરોડ, તમિળનાડુ (પુડુચેરી સહિત) ૬,૨૦,૬૬૨ અરજીઓ માટે રૂ. ૫,૫૮૯.૯૧ કરોડ ઉપાડવામાં આવ્યા હતા. દિલ્હીમાં ઉક્ત સમયગાળા દરમિયાન ૩,૧૬,૬૭૧ કર્મચારીઓ પોતાના ઈપીએફમાંથી રૂ. ૩,૩૦૮.૫૭ કરોડ ઉપાડ્યા હતા.

## સરકાર ખેડૂતો લોહીના આંસૂ રડાવી રહી છેઃ સોનિયા ગાંધી

*ન્યુ દિલ્હી,તા.૨*

કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષા સોનિયા ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર મોટો આરોપ લગાવતા કહ્યું કે PM મોદી લોકતંત્ર શું છે? તે સમજતા જ નથી. હાલ દેશમાં કોરોના મહામારી વચ્ચે ખેડૂત બિલ અને હાથરસ રેપકાંડના મુદ્દે રાજકારણ ગરમાયું છે. ત્યારે સોનિયા ગાંધીને શુક્રવારે એક વીડિયો સંદેશ જારે કરી મોદી સરકાર પર પ્રહારો કર્યા.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને ૧૫૧ની જન્મ જયંતિ અને પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની ૧૧૬મી વર્ષગાંઠ પર સોનિયા ગાંધીએ દેશમાં પ્રવર્તમાન જલદ મુદ્દાઓ પર મોદી સરકાર પર ચાબખા માર્યા.ગાંધીજી કહેતા હતા કે ભારતની આત્મા દેશના ગામો અને ખેતરોમાં વસે છે. પરંતુ આજે દેશનો ખેડૂત કૃષિ કાયદાનો વિરોધ કરવા રોડ પર આવી ગયો છે.

સોનિયા ગાંધી એ કહ્યું કે આજે દેશના ખેડૂત અને ખેત-મજૂરો ખેડૂત વિરોધી ત્રણે કાળા કાયદા સામે વિરોધ કરવા આંદોલન કરી રહ્યા છે. પોતોનો લોહી-પરસેવો રેડી અનાજ ઊગાડનારા અન્નદાતાને મોદી સરકાર લોહીના આસૂં રડાવી રહી છે. તેમણે કહ્યું કે કોરોના મહામારી દરમિયાન અમે બધાએ સરકાર પાસે તમામ જરુરિયાતમંદોને વિના મુલ્યે અનાજ પહોંચાડવાની માગ કરી હતી. તો



શું ખેડૂત ભાઈઓ વિના આ શક્ય હતું કે આપણે કરોડો લોકોને બે ટંકના ભોજનની વ્યવસ્થા કરી શક્યા હોત.સોનિયા ગાંધીએ આરોપ મૂક્યો કે આજે પીએમ નરેન્દ્ર મોદી આપણ ખેડૂતો સાથે અન્યાય કરી રહ્યા છે. ખેડૂતો માટે બનાવાયેલા કાયદા માટે ખેડૂતો સાથે જ કોઈ વાત કરાઈ નથી માત્ર ગણિયા-ગાંઠિયા મિત્રોને લાભ પહોંચાડવા આ કાળો કાયદો બનાવી દીધો અને તેને સંસદમાં પસાર પણ કરી દીધો. જ્યારે તેનો વિરોધ કરાયો તો લોઠીચાર્જ કરવામાં આવ્યો.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૧૩૧૦

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૪૦૦૫૫

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૫

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૨૫૦

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૧૯૯૧૫

## તંત્રી સ્થાનેથી...

# ધરતીપુત્રો અને મજૂરોનો બિલો સામે ભારે આક્રોશ; યુપીમા દુષ્કર્મોથી દેશના લોકો આગબબુલા....દેશ ક્યા રસ્તે.....?

દેશભરમાં કોરોના વાયરસ દરેક દેશોના તમામ ક્ષેત્રોમા અફડાતફડી મચાવી દીધી છે.વિશ્વ ભરમાં કોરોના કેસોની સંખ્યિ ૩ કરોડ ૩૬ લાખ પર પહોચવા પર છે અને મૃત્યુઆંક ૧૦ લાખથી આગળ વધી રહ્યો છે. ભારતમાં કોરોના સંક્રમિતોના કેસોની સંખ્યા ૬૪ લાખ પર પહોંચવા આગળ વધી રહી છે. ત્યારે મૃત્યુ આંક ૧ લાખને આંબી જવાની તૈયારીમાં છે. મહામારી દરમ્યાન રશિયાએ પ્રથમ રસી શોધી કાઢ્યા બાદ કોરોના માટે બીજી રસીની ટ્રાયલમાં સફળતા મળી છે હવે માર્કેટમાં ક્યારે આવે તેની રાહ જોવાઈ રહી છે. આવા સમયે અમેરિકામાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણી અનુસંધાને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ અને બીડેન વચ્ચે યોજાયેલી જાહેર ચર્ચા સભામાં મોદી મિત્ર ટ્રમ્પે કહ્યું કે ભારતે કોરોનાનો સાચો મૃત્યુ આક છુપાયેલ છે.... જોકે તેમણે એવું પણ કહ્યું કે રશિયા અને ચીને પણ સાચો મૃત્યુ આક છુપાવ્યો હતો. ત્યારે તુડ મીજાજી ટ્રમ્પનો વિશ્વાસ કરવો કેટલો યોગ્ય છે તે વડાપ્રધાન મોદીજીએ નક્કી કરવાનું છે. આ બધી હો હા અને કોરોના મહામારી વચ્ચે દેશ ભરમાં મોટાભાગે વધુ પ્રમાણમાં છૂટછાટો આપવા સાથે અનલોક ૫ જાહેર કરી દેવામાં આવ્યું છે પરંતુ જે તે રાજ્યોએ જરૂર હોય તો જરૂરત અનુસાર ર્ક્ષ્ઙ્ગર્ઙ્ઘેંહ લાગુ કરવાનું રહેશે તેવી જવાબદારી રાજ્યો પર થોપી દેવામાં આવી છે. ત્યારે અગત્યની વાત એ બની છે કે કોરોનાનું જે પ્રમાણે જરૂરી પાલન કરવાનું હોય છે તે અનેક આમ સમજુ કે નચિત લોકો પાલન કરતા નથી. જેથી કોરોના કેવું સ્વરૂપ પકડશે તે વિચારતા લખલખુ આવી જાય છે. કારણ કોરોના વધવાની શક્યતા વધુ છે લોકો માસ્ક અને **distance** જાળવવાથી દૂર રહે છે જે તેમના અને તેઓના પરિવાર,મિત્રો,સહ કર્મચારીઓ માટે જોખમી છે તે સમજવું અતિ જરૂરી છે.....“

દેશભરમાં ખેડૂતોમાં નવા કૃષિ કાયદાઓ સામે ભારે વિરોધ અને આક્રોશ વ્યાપી ગયો છે. તેમાં પણ પંજાબ-હરિયાણામા સૌથી વધુ પ્રમાણમાં વિરોધ છે તો હરિયાણામાં આગ બબૂલા હાલત બની છે અને કેટલાક ભાજપ ધારાસભ્યો પક્ષ છોડવા તૈયાર થયા હોવાનુ કહેવાઈ રહ્યું છે ત્યારે કદાચ ખટ્ટરની સરકાર તૂટી પડે તેવી શક્યતા વધી ગઈ છે.....! જો કે મોદીજીને આ બાબતે કોઈ ચિંતા નથી..... અને હવે દેશના મજૂર સંગઠનો નવા મજૂર કાયદા અને ખાનગીકરણના વિરોધમાં એકજૂટ થવા સાથે કિસાન સંગઠનો સાથે એક જૂટ થવાનો તખ્તો ગોઠવવા મીટીગોનો દોર શરૂ થઈ ગયો છે. પરિણામે તેની મોટી અસર દેશભરમાં થશે અને કેન્દ્ર સરકાર માટે પરેશાની વધશે.....! ત્યારે ઉત્તર પ્રદેશમાં હાથરસ ગેંગરેપ પીડિતાના મૃત્યુ બાદ યુપી સરકારનું તંત્ર જે દમનકારી નીતિ અપનાવી રહી છે તેમા પણ જે તે પોલીસ અધિકારીઓ તથા ડીએમની ધમકીઓ, તથા હાથરસની મૃતક પિડીતાના મૃત દેહને પેટ્રોલ છાંટીને જે પ્રકારે પોલીસે અગ્નિદાહ કરવામાં માનવતા નેવે મુકી તેના વિડીયો વાયરલ થવા સાથે દેશભરમાં ફરી વળતા યોગી સરકાર અને ભાજપ સામે મોટા પ્રમાણમાં લોકોમાં આક્રોશ ફરી વળ્યો છે. તો હાથરસની જેમ જ બલરામપુરની ૨૨ વર્ષિય રેપ પિડીતાનુ મૃત્યુ થતા પોલીસ દ્વારા તેનો રાત્રેજ અગ્નિદાહ કરી દેવામાં આવ્યો હતો ત્યાં તેના પરિવારજનો પણ હાજર હતા તેમ પોલીસનુ કહેવું છે.. પરંતુ ઉત્તર પ્રદેશના ભદ્રોહીમા ૧૪ વર્ષની કિશોરી ખેતરે કુદરતી હાજતે ગઈ હતી ત્યારે તેના પર બળાત્કાર ગુજારી માથું કચડી નાખી હત્યા કરવામાં આવી, બાગપતમા પડોશી દ્વારા બળાત્કાર પછી બ્લેકમેલ કરવામાં આવતા યુવતીનો આત્મહત્યાનો પ્રયાસ જેવી એક પછી એક ઘટનાઓ બહાર આવવા સાથે તેના વિડીયો વાયરલ થતા તેના ઘેરા પ્રત્યાઘાત ઉત્તર પ્રદેશ અને દેશભરમાં પડ્યા છે. અને યોગી સરકાર સામે ભારે આક્રોશ ભભૂકી ઉઠયો છે તો ભારે દેખાવો પણ થઈ રહ્યા છે. ત્યારે આ સમયે હાથરસના પીડિતાના પરિવારને શાન્ત્વના આપવા જઈ રહેલા રાહુલ અને પ્રિયંકા ગાંધીને રસ્તામાં અટકાવી રાહુલ ગાંધી સાથે પોલીસે જે ધક્કા મારવા સાથે ખોટું વર્તન કર્યું તેના કારણે દેશભરમાં ભારે રોષ ફરી વળ્યો છે. તો અનેક રાજ્યોમાં વિરોધ પ્રદર્શનો અને યોગીના પુતળા બાળવામાં આવ્યા છે. આ મામલાઓ કે આવી ઘટનાઓ ક્યારે અટકશે તે કોઈ કહી શકે તેમ નથી.....! ત્યારે જાગૃત સમજદાર લોકોમાં સવાલ ઉદભવ્યો છે કે દેશ કઈ દિશા તરફ જઈ રહ્યો છે......?

### આજથી કોંગ્રેસ કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલન શરૂ કરશે

# કોઇની સામે નમીશ નહીં, અસત્યને સત્ય દ્વારા જીતીશ:રાહુલ ગાંધીનો પડકાર



ન્યુ દિલ્હી,તા.૨

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ આજે બીજી ઓક્ટોબરે ગાંધી જયંતીના પવિત્ર પ્રસંગે ટ્વીટ કરી હતી કે હું અન્યાય સામે લડતો રહીશ. કોઈની સામે ઝુકીશ નહીં. અસત્ય સામે સત્ય દ્વારા વિજય મેળવીશ. આવતી કાલ શનિવાર ત્રણ ઓક્ટોબરથી કોંગ્રેસ પક્ષ કૃષિ કાયદા સામે વિરોધ આંદોલન શરૂ કરવાનો છે એની પૂર્વ સંધ્યાએ રાહુલે આ ટ્વીટ કરી હતી. ગુરૂવારે હાથરસમાં કૂચ કરવાના તેમના પ્રયાસને ઉત્તર પ્રદેશની પોલીસ સફળ થવા દીધો નહોતો. ધક્કામુક્કીમાં રાહુલ ગબડી પડ્યા હતા અને તેમના અંગુઠામાં ઈજા થઈ હતી.

આમ છતાં રાહુલનો આક્રમક મિજાજ ઠંડો પડ્યો નહોતો. આવતી કાલથી કોંગ્રેસ ટ્રેક્ટર રેલી શરૂ કરવાનો છે. વિવિધ રાજયોમાં થઈને આ ટ્રેક્ટર રેલી પાંચમી ઓક્ટોબરે હરિયાણામાં પ્રવેશવાની છે. ત્રણ દિવસમાં આ ટ્રેક્ટર રેલી પચાસ કિલોમીટરનું અંતર કાપવા ધારે છે. રાહુલને એવી આશા હતી કે વિવિધ કિસાન સંઘો પણ કોંગ્રેસના આ પગલાને સાથ સહકાર આપશે. એ વાત જુદી છે કે કિસાન સંઘોએ કોઇ પણ રાજકીય પક્ષ કે નેતાનો સપોર્ટ માગ્યો નથી.

દરમિયાન, હરિયાણાના ગૃહ પ્રધાન અનિવ વીજે કહ્યું હતું કે રાહુલને પંજાબમાં જે કરવું હોય તે કરે. હરિયાણામાં અમે તેમને પ્રવેશવા નહીં દઈએ. કોંગ્રેસના પ્રવક્તાએ એવો દાવો કર્યો હતો કે રાહુલ હરિયાણામાં રેલી યોજશે અને સભા સંબોધશે.

કોંગ્રેસે એવો પણ દાવો કર્યો હતો કે પંજાબના કોંગ્રેસી મુખ્ય પ્રધાન કેપ્ટન અમરીન્દર સિંઘ, કોંગ્રેસના પંજાબના પ્રભારી હરીશ રાવત, પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ સુનીલ જાખડ વગેરે પણ આ રેલી અને સભાઓમાં સહભાગી થશે.

# રિલાયન્સ રિટેલમાં અબુધાબીની કંપની કરશે ૬૨૪૭ કરોડનું મૂડીરોકાણ

ન્યુ દિલ્હી/યુએઈ,તા.૨

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (આરઆઈએલ) ની રિટેલિંગ કંપની રિલાયન્સ રિટેલ અબુધાબી સ્થિત સરકારી સંપત્તિ ભંડોળ મુબદલા ઈન્વેસ્ટમેન્ટ કંપનીમાં ૬,૨૪૭ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. જિયો પ્લેટફોર્મ બાદ હવે રિલાયન્સ રિટેલમાં સતત નવું મૂડીરોકાણ આકર્ષી રહ્યા છે. હવે રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડને ચોથા મોટા ઈન્વેસ્ટર્સ મળી ગયા છે. આ વખતે અબુધાબી સ્થિત મુબાદલા ઈન્વેસ્ટમેન્ટ કંપની રિયાલન્સ રિટેલનો ૧.૪ ટકા હિસ્સો ખરીદશે અને આ માટે તે કંપનીમાં રૂ. ૬૨૪૭.૫ કરોડનું મૂડીરોકાણ કરશે. રિલાયન્સમાં મુબાદલા કંપની તરફથી કરાયેલું આ બીજુ સૌથી મોટુ રોકાણ છે.

આ વર્ષના પ્રારંભે જિયો પ્લેટફોર્મ્સમાં ૧.૨ બિલિયન અમેરિકી ડોલરનું મૂડીરોકાણ કર્યા બાદ મુબાદલાનું રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં આ બીજું રોકાણ છે.

રિલાયન્સ રિટેલ લિમિટેડ, ઈઈફની પેટાકંપની ભારતનો સૌથી વિશાળ, સૌથી વધુ ઝડપે વિકસતો અને સૌથી વધુ નફો કરતો રિટેલ બિઝનેસ છે જે સમગ્ર દેશમાં આવેલા ૧૨૦૦૦ સ્ટોર્સમાં ૬૪૦ મિલિયન ફૂટફોલ્સ ધરાવે છે. લાખો ખેડૂતો, સુક્ષ્મ, નાના અને મધ્યમ કક્ષાના વેપાર-વ્યવસાયોને સશક્ત બનાવી લાખો ગ્રાહકો સુધી પહોંચવાની વ્યાપક રણનીતિ દ્વારા ભારતના રિટેલ સેક્ટરને વેગવંતુ બનાવવું એ રિલાયન્સ રિટેલનું વિઝન છે. એ ઉપરાંત લાખો ભારતીયોની રોજગારીનું રક્ષણ કરી વધુ તકોનું સર્જન કરવાની સાથે સાથે વૈશ્વિક અને સ્થાનિક કક્ષાની કંપનીઓ સાથે સહયોગ સાધી તેમની સાથે મળી ભારતીય સમુદાયને મહત્તમ લાભ પહોંચાડવો એ પણ તેનો મુખ્ય ઉદ્દેશ રહેલો છે.

# સંરક્ષણ મંત્રાલય ૪૦૦ કરોડના ખર્ચે દસ લાખ હેન્ડ ગ્રેનેડ ખરીદશે

ન્યુ દિલ્હી,તા.૨

સંરક્ષણ મંત્રાલયે સેન્યની જરૃરિયાતને પહોંચી વળવા માટે દસ લાખ હેન્ડ ગ્રેનેડ (વિસ્ફોટક હાથ ગોળા) ખરીદવાનું નક્કી કર્યું છે. આ માટે કેટલીક ખાનગી કંપનીઓ સાથે રૃપિયા ૪૦૦ કરોડના કરાર કરવામાં આવ્યા હતા. આ નવા ગ્રેનેડની ડિઝાઈન ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) દ્વારા તૈયાર કરવામાં આવી છે. ડિઝાઈન ભારતીય છે અને ઉત્પાદન પણ ભારતમાં જ થશે. મલ્ટી મોડ હેન્ડ ગ્રેનેડ (એમએમએચજી) નામે ઓળખાતા આ ગોળા આવવાને કારણે અત્યારે જે બીજા વિશ્વયુદ્ધ વખતની ડિઝાઈનના ગ્રેનેડ વપરાય છે, તેમાં નવીનીકરણ આવશે.

બીજી તરફ ડીઆરડીઓ દ્વારા આજે સ્વદેશમાં જ બનાવેલા લેસર ગાઈડેડ એન્ટી ટેન્ક મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પરીક્ષણ આર્મીની અહમદનગર રેન્જમાં કરવામાં આવ્યું હતું. પાંચ કિલોમીટર સુધીની રેન્જ ધરાવતા આ મિસાઈલનું છેલ્લા દસ દિવસમાં બે વાર પરીક્ષણ થયું હતું અને બન્ને વખત સફળતા મળી હતી. ફાયરિંગ માટે પણ ભારતની મેઈન બેટલ ટેન્ક અર્જુન વપરાઈ હતી. અર્જુનના નાળચમાંથી મિસાઈલ રવાના થતી હોય એવો વિડીયો પણ ડીઆરડીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. સ્વદેશી શસ્ત્ર ઉત્પાદન ક્ષેત્રે આ એક મોટી સિદ્ધિ છે. કલાકના ૯૦૦ કિલોમીટરની ઝડપે પ્રહાર કરી શકતી નિર્ભય મિસાઈલ ભારતે ચીન એલએસી પર ગોઠવી દીધી છે. હવે આ મિસાઈલને નૌકાદળમાં પણ શામેલ કરવા માટે સંરક્ષણ મંત્રાલયે મંજૂરી આપી દીધી છે. આ મિસાઈલ મૂવેબલ ખટારા જેવા પ્લેફોર્મ, સ્થિર પ્લેટફોર્મ એમ વિવિધ રીતે લોન્ચ થઈ શકે છે. એ પરંપરાગત હથિયાર ઉપરાંત પરમાણુ બોમ્બ લઈ જવા પણ સક્ષમ છે.

સામાન્ય રીતે સૈન્યની ત્રણેય પાંખો માટે જરૃરી નાના હથિયારો ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ દ્વારા પુરા પાડવામાં આવતા હોય

ભારતમાં સામાન્ય રીતે સૈન્યની ત્રણેય પાંખો માટે જરૃરી નાના હથિયારો ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ દ્વારા પુરા પાડવામાં આવતા હોય છે. પરંતુ હથિયારોની બાબતમાં કોઈ એક જ વિકલ્પ પર નિર્ધારિત ન રહેવું પડે એટલા માટે સંરક્ષણ મંત્રાલયે ગ્રેનેડનો કોન્ટ્રાક્ટ ખાનગી કંપનીઓને આપ્યો છે. કંપનીઓએ માત્ર ગ્રેનેડે ઉત્પાદિત કરવાના છે, તેની ડિઝાઈન તો પહેલેથી તૈયાર જ છે.

# અમરેલીમાં સ્કૂલ ફી મુદ્દે વિપક્ષ નેતા ધરણા પર બેઠા, પોલીસે કરી અટકાયત



અમરેલી,તા.૨

અમરેલીના વિપક્ષ નેતા પરેશ ધાનાણી આજે સ્કૂલોની ફી મુદ્દે પ્રતિક ધરણાં પર બેઠા હતા. જે દરમિયાન પોલીસે અટકાયત કરી હતી. અટકાયત દરમિયાન પરેશ ધાનાણી અને પોલીસ વચ્ચે તુંતું મેમેં પણ થઈ હતી. જેમાં ધાનણીનો શર્ટ પણ ફાટી ગયો હતો. પોલીસે ટીંગાટોળી કરીને પરેશ ધાનાણીની અટકાયત કરી હતી. જેથી કાર્યકોરમાં રોષ જોવા મળ્યો હતો. રોષે ભરાયેલા કાર્યકરોએ પોલીસની ગાડી આગળ બેસી ગયા હતા અને રસ્તો રોક્યો હતો. પરેશ ધાનાણીએ પોલીસને જણાવ્યું હતું કે, હું એકલો જ ધરણા પર બેઠો છું. જેથી મારી સાથે કોઈ જબરદસ્તી કરતા નહીં. તેમ છતાં પોલીસે પરેશ ધાનાણીની અટકાયત કરી હતી. પરેશ ધાનાણીને પોલીસ અમરેલીના પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી.

અટકાયત બાદ પણ પરેશ ધાનાણીએ જામીન પર છુટવાનો ઈક્કાર કર્યો હતો. પરેશ ધાનાણીએ પોલીસ સ્ટેશનમાં જ પ્રતિક ધરણા શરૂ કરી દીધા હતા. પરેશ ધાનાણી જ્યારે ઉપવાસ પર બેઠા ત્યારે પોલીસ અટકાયત કરવા પહોંચી ગઈ હતી. પરેશ ધાનાણીએ પોલીસને જણાવ્યું હતું કે આજે ગાંધી જયંતિ છે એટલે રાષ્ટ્ર વ્યાપી વિરોધ છે. અમે કોઈ ભાષણ નથી આપતા, માઇક નથી કે પછી ટોળા નથી વળ્યાં.

રાજ્યમાં દોઢ કરોડ બાળકોની ફી મુદ્દે ધરણા પર બેઠો છું. જેમાં તમારા પણ બાળકો છે. મને કોઈ હાથ અડાડતા નહીં અને મારી સાથે કોઈ જબરદસ્તી કરતા નહીં. મારે ધરણાં પર બેસવા માટે પણ મંજૂરી લેવાની છે તે વાત ખોટી છે. આ તમારી દાદાગીરી છે. આ ગાંધીબાગ છે અને હું અહીંયા એકલો જ બેઠો છું. તમે અહીંયા જાહેરનામું લઈને આવો કે અહીંયા બેસવાની મનાઈ છે. પછી તમે મને હાથ અડાડજો.

તમે જાહેરનામું લઈને આવો નહીં તો હું સામી ફરિયાદ કરીશ. આવી દાદાગીરી નહીં ચાલે, બેસવાની ક્યાં મનાઈ છે. તમે અંગ્રેજોથી પણ ખરાબ હાલ ગુજરાતની કરી દીધી છે. મને શું કામ લઈ જાવ છો એનું કારણ તો બતાવો, આ દરમિયાન પોલીસે ટીંગાટોળી કરીને પરેશ ધાનાણીને લઈ જઈ રહ્યા હતા અને શર્ટ પણ ફાડી નાખ્યો હતો. જેથી કાર્યકરોમાં રોષ જોવા મળ્યો હતો. પોલીસે ધાનાણીની અટકાયત કરી ત્યારે ધાનાણી બોલી રહ્યા હતા કે મારવા હોય તો મારો.. ફાંસીએ ચડાવો...એકલો માણસ ઉપવાસ પર બેઠો છું. અત્યારે તમે સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરી રહ્યા છો. આ રીત જ ખોટી છે. તમે મને કારણ બતાવો કે તમે મને શું કામ લઈ જાવ છો. દોઢ કરોડ વિદ્યાર્થીના ભવિષ્યનો પ્રશ્ન છે. સંપૂર્ણ સત્રની ફી માફ થાય તેની માગણી સાથે બેઠા છીએ. ક્યાંય એક વ્યક્તિએ બેસવાની મનાઈ છે?. જે બાદ પોલીસે અટકાયત કરી ધાનાણીને પોલીસની ગાડીમાં બેસાડ્યાં હતાં. ત્યાર બાદ કાર્યકરોએ હાય રે ભાજપ હાય હાયના નારા લગાવ્યા હતા. આ સાથે પોલીસ ગાડીની આગળ કાર્યકરો બેસી ગયા હતા અને રસ્તો રોક્યો હતો.

# રાજ્ય સરકારે જાહેર કર્યું અનલોક-પનું જાહેરનામું, શાળા શરૂ કરવા મુદ્દે નિર્ણયની સંભાવના

ગાંધીનગર,તા.૨

કોરોના વૈશ્વિક બિમારી વચ્ચે કેન્દ્ર સરકારે બુધવારે અનલોક-પની ગાઈડલાઈન્સ જાહેર કર્યા બાદ રાજ્ય સરકારે પણ જાહેરનામું જાહેર કરી દીધી છે, જેમાં ૧૫ ઓક્ટોબર બાદ શાળા ખોલવા મુદ્દે સમીક્ષા, શિક્ષણજગત, મનોરંજન, સામાજિક કાર્યક્રમો અંગે વિચાર વિમર્શ કરવાની જાહેરાત કરી છે. ગુજરાત સરકારના જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે કેન્દ્ર સરકારની ગાઈડલાઈનનું પાલન કરાશે. આ વિશે મળતી માહિતી પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા અનલોક ૫ ને લઈ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. કેન્દ્રની ગાઈડલાઈનનું ચુસ્ત પણે પાલન કરવાની જાહેરાતની સાથે ગૃહ વિભાગ દ્વારા એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં શાળાઓ, કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ અને કોલેજો શરૂ કરવા બાબતે નિર્ણય લેવાશે. આ સિવાય ૧૫ ઓક્ટોબર બાદ શાળા શરૂ કરવા બાબતે રાજ્ય સરકાર સમિક્ષા કરશે. કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને આખરી નિર્ણય લેવાની સત્તા આપી છે. થિયેટર, સ્પોર્ટ્સ મેન માટે સ્વિમિંગ પુલ શરૂ કરવા મંજૂરી અપાઈ છે. વિવિધ એન્ટરટેઈન્મેન્ટ પાર્ક પણ કેન્દ્રની ગાઈડલાઈન મુજબ ચાલુ કરી શકાશે.

રાજયમાં શાળા, કોચિંગ સંસ્થાઓ ૧૫મી ઓક્ટોબર બાદ પુનઃશરૂ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવશે.

કન્ટેન્મેન્ટ ઝોન બહાર સામાજિક/શૈક્ષણિક/મનોરંજન/સાંસ્કૃતિક/ધાર્મિક/રાજકીય મેળાવડા તથા સભાઓમાં ૧૦૦થી વધુ વ્યક્તિની હાજરી અંગે જે-તે રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ નિર્ણય લઈ

સિનેમા-મલ્ટિપ્લેક્સ-થિયેટર્સને ૫૦% સીટિંગ કેપેસિટી સાથે શરૂ કરી શકાશે.

સ્વિમિંગ પૂલ ખૂલશે. મનોરંજન પાર્ક તથા એનાં જેવાં સ્થળોને ખોલવા મંજૂરી અપાશે.

તમામ ધાર્મિક સ્થળો ૭ જૂન, ૨૦૨૦ના દિવસે આરોગ્યમંત્રાલયે જાહેર કરેલી એસઓપી મુજબ જ રહેશે.

રાજયની હોટલ્સ અને રેસ્ટોરાં રાત્રે ૧૧ વાગ્યા સુધી ખુલ્લી રહી શકશે અને ટેક અવે માટે કોઈ લિમિટ આપવામાં આવી નથી.

શોપિંગ મોલ્સ ૮મી જૂને જાહેર થયેલા નિયમો સાથે યથાવત્ રહેશે.

લાઇબ્રેરી ૬૦ ટકા લોકોની કેપેસિટી સાથે ખોલી શકાશે.

રાજ્યમાં GSRTC/ સિટી બસ/ પ્રાઈવેટ બસ સર્વિસમાં ૭૫ ટકા લોકોને બેસાડી શકાશે.

મેટ્રો રેલ સેવા કેન્દ્ર સરકારની ગાઇડલાઇન્સ પ્રમાણે યથાવત્ રહેશે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારના રોજ મહાત્મા ગાંધીની ૧૫૧મી જન્મજયંતી પર તેમને શ્રદ્ધાંજલિ આપી છે. આ અવસર પર દેશભરના લોકો રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યા છે. વડાપ્રધાન મોદીએ રાજઘાટ ખાતે ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પિ છે. રાજઘાટ બાદ તેઓએ વિજય ઘાટ જઈને પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીને પણ શ્રદ્ધાંજલિ આપી છે.

# અંબાજી દર્શને જતા પરિવારની કારમાં આગ: બે કિશોરી અને વૃદ્ધા થયા ભડથું

ખેરાલુ,તા.૨

આજે અંબાજી દર્શન કરવા જઈ રહેલા અમદાવાદના એક પરિવારની કારનો ખેરાલુ પાસે અકસ્માત થયો હતો. અકસ્માત બાદ કાર આગની લપેટમાં આવી ગઈ હતી. આગની લપેટમાં આવેલી કારમાં સવાર બે કિશોરી અને એક વૃદ્ધા ભડથું થઈ ગયાં હતાં. જોકે કારમાં દંપતીનો બચાવ થયો હતો, પરંતુ તેઓ અકસ્માતને કારણે આગથી દાઝી ગયાં હતાં. તેમને ખેરાલુની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં, જ્યારે અકસ્માતને કારણે ૩ વ્યક્તિ ભડથું થતાં તેને થેલી અને કપડાંમાં ઢાંકીને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવી હતી.

અમદાવાદ રહેતા અને મૂળ વડનગરના કરબટિયા ગામના પટેલ પરિવારે આજે વહેલી સવારે અંબાજી દર્શનાર્થે જઈ રહ્યો હતો ત્યારે અગમ્ય કારણોસર જીજે૦૧કેઆર૧૫૩૧ નંબરની સીએનજી કિટવાળી કાર એક ઝાડ સાથે અથડાઈ હતી. કાર ઝાડને અથડાયા બાદ એકાએક કારમાં આગ ફાટી નીકળી હતી, જેમાં કરબટિયા ગામના પટેલ પરિવારની બે દીકરી અને તેમનાં દાદી બળીને ભડથું થઈ ગયાં હતાં. પરિવાર અંબાજી દર્શને જતો હોવાનું લોકો કહી રહ્યા છે. અકસ્માત બાદ પોલીસને ઘટનાસ્થળે પહોંચીને ટ્રાફિકને કંટ્રોલ કરવો પડ્યો હતો.

આગમાં કાર બળીને ખાખ થઈ ગઈ હતી, જ્યારે અંદર સવાર દાદી અને બે પૌત્રી બળી જવાથી તેમનાં કમકમાટીભર્યાં મોત થયાં હતાં. અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોનાં ટોળેટોળાં ઊમટી પડ્યાં હતાં.

# શહેરમાં ચિકનગુનિયાના ૧૦૦ પોઝિટીવ કેસો મળી આવતા તંત્ર દોડતું થયું

ગાંધીનગર,તા.૨

આ વર્ષે મહાનગરપાલિકા વિસ્તારમાં ચિકુનગુનિયાએ માથું ઉંચક્યું છે. છેલ્લા એક મહિનામાં શહેરમાંથી ચિકનગુનિયાના ૧૦૦ પોઝિટીવ કેસો મળી આવ્યા છે. જ્યારે ૭૦ જેટલા શંકાસ્પદ કેસો હોવાનું સામે આવ્યું છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં બે પોઝિટીવ કેસો નોંધાયો છે. પાટનગર ગાંધીનગરમાં સેક્ટર ૫,૬,૭ અને ૮માં ચિકુનગુનિયાનું પ્રમાણ વધુ હોવાની વિગતો છે. ચિકુનગુનિયાને લઈને સ્થિતિ વણસી છે. મલેરિયા, ડેન્ગ્યુથી વધુ ચિકનગુનિયાના કેસો નોંધાઈ રહ્યા છે. આથી હવે લોકોએ કોરોનાની સાથે સાથે મચ્છરજન્ય રોગચાળા સામે પણ જંગ ખેલવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. એકબાજુ કોરોનાના કેસો ઉંચકાઈ રહ્યા છે. ત્યાં સાથે હવે મચ્છરજન્ય રોગચાળામાં ચિકુનગુનિયાનો હાહાકાર વધ્યો છે. સાંધામાં દુખાવો, તાવ, શરીરમાં ચકામા જેવી ફરિયાદો લોકોમાંથી ઉઠી છે. કોરોનાની સાથે હવે લોકોને આ ચિકુનગુનિયાથી બચવા માટે સલાહ આપવામાં આવી રહી છે.

પ્રાપ્ત વિગત મુજબ શહેરમાં ચિકુનગુનિયાના જે કેસો સામે આવ્યા છે તેમાં ખાનગી લેબોરેટરીમાં દર્દીઓએ બ્લડ રિપોર્ટ કરાવતાં તેમાં ૨૮ અને ગાંધીનગર સિવિલમાં ૨ પોઝિટીવ કેસો મળી આવ્યા છે, જ્યારે ૭૦થી વધુ ચિકુનગુનિયાના શંકાસ્પદ કેસો છે. જેને લઈને આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યું છે. હવે ચોમાસું વિદાય તરફ છે. પરંતુ આ વખતે વરસાદ પણ વધુ પડ્યો છે. તેના કારણે મચ્છરજન્ય રોગચાળો વકરશે તેવી દહેશત આરોગ્ય તંત્રને પણ છે. આથી જ ડોર ટુ ડોર સર્વેલન્સની કામગીરી રાઉન્ડ ધ કલોક સતત ચાલું રાખવામાં આવી છે. સમગ્ર મહિનાના સર્વેક્ષણ દરમિયાન ૧૨ હજાર ઉપરાંતના પાત્રોમાંથી એડિસ મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા. જેને સ્થળ પર નિકાલ કરવા સાથે દવાનો પણ છંટકાવ કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત જે સેક્ટર ૫,૬,૭ અને ૮માં અંદાજે ૭૦૦થી પણ વધુ ઘરોમાં ફોગીંગ કરવામાં આવ્યં છે. અત્યાર સુધી કોરોનાને લઈને સેનિટાઈઝેશનની કામગીરી માટે તંત્ર દોડતું રહેતું હતું. પરંતુ હવે ફોગીંગ કરવામાં તંત્ર કામે લાગ્યું છે. ચિકુનગુનિયાના વધતાં કેસોથી લોકો પણ ફફડી ઉઠ્યા છે. શહેરના આ ચાર સેક્ટરોમાં અનેક લોકો ચિકુનગુનિયાના રોગચાળામાં સપડાયા છે. જે ૭૦ કેસો શંકાસ્પદ લાગી રહ્યા છે. તેઓને પણ તાવ, કળતર, સાંધામાં અસહ્ય દુખાવા સહિતની ફરિયાદો છે. તમામમાં ચિકુનગુનિયાના લક્ષણો જોવા મળી રહ્યા છે. જો કે તંત્ર ખુલીને બોલતું નથી કે સ્વીકારતું પણ નથી.

# સાહિત્ય સરિતા

એક નાની પહેલ તો કરી જુવો "

એક સામાન્ય પેન્ટ અને શર્ટ પહેરીને એક વ્યક્તિ તેના લગભગ ૧૫ થી ૧૬ વર્ષના દીકરા સાથે મોટી હોટલમાં પ્રવેશ કરે છે. બંને જગ્યા જોઈ ને ખુરશી પર બેસે છે. ખુરશી પર બેસે છે એટલે તેને જોઈને એક વેઈટર તેઓ પાસે જાય છે અને એકદમ સ્વચ્છ પાણીના બે ગ્લાસ તેમની સામે રાખે છે અને તેઓને પૂછે છે નમસ્કાર સાહેબ, તમારા માટે શું લાવું?

તે માણસ એ જવાબ આપ્યો કે મેં મારા દીકરાને વચન આપ્યું હતું કે જો તો દસમાં ધોરણમાં સારા માર્કે પાસ થઈ જઈશ તો હું તને મોટી હોટલમાં જમવા માટે લઈ જઈશ. આજે મારા દીકરા એ એનું વચન પૂર્ણ કર્યું છે, અને તે માત્ર દસમા ધોરણમાં ઉત્તીર્ણ નથી થયો તે તેનો બોર્ડમાં પણ નંબર આવ્યો છે. એટલે તમે કૃપા કરીને તેના માટે અહીંની સ્પેશિયલ થાળી લઈને આવો.

વેઈટરે પૂછ્યું, ઓકે તમારા દીકરા માટે હું અહીં ની સ્પેશિયલ પંજાબી થાળી લઈને આવું છું, તમારા માટે શું લઈને આવું? તે માણસ ફક્ત ઈશારો કરીને કશું નહીં લાવવા માટે વિનંતી કરી.

વેઈટર નું ધ્યાન તે માણસ એ પહેલા શર્ટ માં પડ્યું, શર્ટનો કોલર ઘસાઈ ઘસાઈને સહેજ ફાટી ગયો હતો. વેઇટરને એ ભાઈ ના કપડા તેમજ તેની વાતો સાંભળીને એવું જ લાગ્યું કે તે ભાઈ ની આર્થિક પરિસ્થિતિ નબળી હશે તેમ છતાં દીકરા માટે થઈને તેઓ મોટી હોટલમાં દીકરાને જમાડવા માટે આવ્યા હતા.

આ દ્રશ્ય જોઈને વેઈટર ભાવુક થઈ ગયો અને તે હોટેલના માલિક પાસે ગયો અને આખી વાત માલિકને જણાવી, સામાન્ય રીતે કોઈ મોટા હોટલમાં ડિસ્કાઉન્ટ પણ નથી હોતું એવામાં આ હોટલના માલિકે તે વેઈટર ની વાત સાંભળીને કંઈક અલગ પ્રકારનો જ નિર્ણય લીધો.

તેને વેઇટરને કહ્યું, હમણાં એ ટેબલના ઓર્ડરને લઈને ટેબલ પર ન જઈશ, અને તે ટેબલ પર એક કેક લઇને પહોંચ એટલામાં હું પણ ત્યાં આવું છું.

અચાનક જ વેઈટર ટેબલ પર કેક લઈને જાય છે એટલે પેલા માણસે આશ્ચર્યચકિત થઇને વેઇટરને કહ્યું અમે આ કેક નો ઓર્ડર નથી કર્યો તમારી કંઈક ભૂલ થતી લાગે છે.

એવામાં જ હોટલના માલિક આવ્યા અને તેને જણાવ્યું સાહેબ આમાં અમારી કંઈ જ ભૂલ નથી થતી, તમારા દીકરાની ઉપલબ્ધિ વિશે મને વેઈટરે બધી વાત જણાવી એટલે આ કેક તેમજ આજની આ સાંજ અમે તમારા માટે યાદગાર બનાવીશું. કેક આવ્યાના થોડા જ સમય પછી ટેબલ શણગારી દીધું, અને દીકરા ની સફળતાની ઉજવણી કરી.

પછી હોટલના માલિકે પૂછ્યું, તમારા ઘરેથી બીજું કોઈ નથી આવ્યું? પેલા માણસે કહ્યું મારી પત્ની ઘરે છે.

હોટલના માલિકે તે માણસને હોટલની સ્પેશિયલ થાળી પાર્સલ કરી અને મોટી મોટી ત્રણ થેલીઓ આપી તેમજ સાથે દીકરાને એક સુંદર મજાની સોગાદ પણ આપી. દીકરો આ બધું જોઇને એકદમ ખુશ થઈ ગયો. અને તે હરખના આંસુ સાથે ઘરે ગયો, ઘરે ગયા પછી દીકરો અને તેના માતા-પિતાએ સાથે મળીને ભોજન કર્યું બધા લોકો એકદમ ખુશ થઈ ગયા હતા.

ખાસ કરીને હોટલના માલિકનું આવું અભૂતપૂર્વ વર્તન જોઈને દીકરો ખૂબ રાજી થઈ ગયો હતો.

ધીરે-ધીરે સમય પસાર થતો ગયો, દીકરો પહેલેથી જ ભણવામાં હોશિયાર હતો તે ભણી ગણીને મોટો અધિકારી બની ગયો. અને થોડા સમય પછી દીકરો પોતાના શહેરમાં કલેક્ટર તરીકે આવ્યો. તેણે આવીને સૌથી પહેલા એ હોટલમાં સંદેશ પાઠવ્યો કે કલેક્ટર સાહેબ આજે રાત્રે આ હોટલમાં જમવા માટે આવશે. હોટેલના માલિક આ વાત સાંભળીને ખુશ થઈ ગયા અને તરત જ એક ટેબલ ને ખુબ જ સરસ રીતે શણગારી દીધું. અને કલેક્ટર સાહેબ રાત્રિનું ભોજન આ હોટલમાં કરવાના છે આ સમાચાર મળતા જ તે હોટલ ગ્રાહકોથી ભરાઈ ગઈ હતી.

પરંતુ કલેક્ટર સાહેબ માટે એક ટેબલ ખાલી રાખવામાં આવ્યું હતું, પોતાના સમય અનુસાર કલેક્ટર સાહેબ તેના માતા-પિતા સાથે હોટલ પહોંચ્યા એટલે હોટલના માલિક સહિત હોટેલના તમામ સ્ટાફ કલેક્ટર સાહેબ નો સન્માન કરવા માટે ઉભો થયો.

હોટલના માલિક ખુદ તેના ટેબલ પર આવ્યા અને તેને પુષ્પગુચ્છ આપીને તેને ઓર્ડર આપવા માટે વિનંતી કરી.

ત્યારે એ નવયુવાન કલેક્ટર એ પોતાની જગ્યા પરથી ઊભો થઈને હોટલના માલિક તેમજ વેઈટર સામે નમી ગયા, અને કહ્યું કદાચ તમે બંને લોકો મને નહીં ઓળખી શક્યા હોય પરંતુ હું એ જ છોકરો છું જેના પિતાએ એક થાળી નો ઓર્ડર તો કર્યો હતો પરંતુ બીજી થાળી લેવા માટે પૈસા નહોતા અને એ સમયે તમે બંને માનવતા નો સાચો દાખલો રજૂ કરીને મારા દસમા ધોરણમાં પાસ થવાની ખુશીમાં મને એક અદભુત પાર્ટી આપી હતી અને તમે મને હોટલની સ્પેશિયલ થાળી પાર્સલ કરીને પણ આપી હતી.

આજે હું કલેક્ટર બની ગયો છું પરંતુ એ રાત્રી મને આજે પણ યાદ છે, અને આજે હું તમને બધાને પાર્ટી આપું છું અહીં જેટલા ગ્રાહકો છે તેમજ જેટલો સ્ટાફ છે તે બધા લોકોના બિલ આજે હું આપીશ. અને તમને એક બેસ્ટ સીટીઝન થી સન્માનિત પણ કરવામાં આવશે.

વાત માત્ર થાળીની નથી, આ વાત તમારી સાથે શેર કરી છે તેમહત્વનો ઉપદેશ આપીને જાય છે કે આપણે જે સમાજમાંથી આવ્યા છીએ એ સમાજ મા ઘણા એવા લોકો છે જે ગરીબ લાચાર પણ છે. અને આ ગરીબ અને લાચાર વ્યક્તિઓને ક્યારેય મજાક ઉડાવવી ન જોઈએ પરંતુ ઊલટું તેની પ્રતિભાને માન આપવું જોઈએ, અને તેને પ્રોત્સાહન આપવું જોઇએ.

તમારી નાની એક પહેલ ને લીધે એવું પણ શક્ય બને કે તમારી ઉદારતાને લીધે કોઈપણ છોકરો કે છોકરી આગળ વધીને તેના લક્ષ્ય સુધી પહોંચે તો આપણા સમગ્ર સમાજને લાભ કરી શકે છે.

---

દશા મારી અનોખો લય, અનોખો તાલ રાખે છે,
કે મુજને મુફલિસીમાં પણ એ માલામાલ રાખે છે !
નથી સમજાતું, મન અમને મળ્યું છે કેવું મનમોજી !
કદી બેહાલ રાખે છે, કદી ખુશહાલ રાખે છે!
નથી એ રાખતાં કૈં ખ્યાલ મારો કેમ ફ્હેવાયે?
નથી એ રાખતાં તો કોણ મારો ખ્યાલ રાખે છે?
જમાનો કોણ જાણે વેર વાળે છે ક્યા ભવનું?
મળે છે બે દિલો ત્યાં મધ્યમાં દીવાલ રાખે છે.
ફરક કેવો દીવાનાની જવાની ને જઇફીમાં?
બરાબર આજ જેવી આગવી એ કાલ રાખે છે.
મથે છે આંબવા કિંતુ મરણ આંબી નથી શકતું,
મને લાગે છે મારો જીવ ઝડપી ચાલ રાખે છે.
જીવનનું પૂછતા હો તો જીવન છે અમર 'ગેબીલ્લનું,
છતાં હિંમત જુઓ કે નામ ગિરનારી રાખે છે !
.'ગેબી




## અમદાવાદના ઈતિહાસ સાથે જોડાયેલી તવારીખ

૧૪૧૩ : ભદ્ર કિલ્લાનું બાંધકામ પૂર્ણ.
૧૪૨૩ : જામા મસ્જિદનું બાંધકામ પૂર્ણ.
૧૪૪૧ : સરખેજ રોઝાનું નિર્માણ શરૂ કરાયું.
૧૪૫૧ : કાંકરિયા તળાવનું બાંધકામ.
૧૪૮૬ : મોહમ્મદ બેગડાએ નગર ફરતે દિવાલનું ચણતર કર્યું.
૧૫૭૨ : સિદ્દી સૈયદની મસ્જિદનું નિર્માણ થયું.
૧૬૨૧ : શાહજહાંએ શાહીબાગ મહેલ શાહી ગાર્ડન તૈયાર કરાવ્યો.
૧૭૩૮ : ગાયકવાડ હવેલી
૧૮૨૪ : પ્રથમ ગુજરાતી સ્કૂલ
૧૮૪૬ : પ્રથમ ઈંગ્લિશ સ્કૂલ
૧૮૪૭ : પાણીની સૌપ્રથમ ટાંકી
૧૮૪૮ : હઠીસિંહના દેરા
૧૮૫૦ : કાલુપુરમાં સ્વામિનારાયણ મંદિર.
૧૮૬૧ : પ્રથમ ટેક્સટાઈલ મિલ.
૧૮૬૩ : રેલવે સ્ટેશનનું બાંધકામ શરૂ.
૧૮૬૪ : અમદાવાદ-બોમ્બે વચ્ચે પ્રથમ ટ્રેન દોડી.
૧૮૭૦ : એલિસબ્રિજનો પ્રારંભ
૧૮૭૨ : ગાંધી રોડ
૧૮૮૧ : ઘી કાંટા પાસે બી.જે. મેડિકલ કોલેજ
૧૮૯૭ : ગુજરાત કોલેજ
૧૯૧૫ : મહાત્મા ગાંધીનું આગમન
૧૯૨૦ : ગૂજરાત વિદ્યાપીઠ
૧૯૩૧ : વી.એસ. હોસ્પિટલ
૧૯૩૮ : એમ.જે. લાયબ્રેરી
૧૯૩૯ : સરદાર બ્રિજ
૧૯૪૦ : ગાંધી બ્રિજ
૧૯૪૯ : ઓલ ઈન્ડિયા રેડિયોમાં અમદાવાદ સ્ટેશન
૧૯૫૧ : એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ
૯૫૪: અટિરા લેબોરેટરી
૧૯૬૧ : આઈઆઈએમ
૧૯૬૩ : નગરી આંખની હોસ્પિટલ
૧૯૬૬ : ઈસરો.

## કેશોદના ફૌજી રમેશભાઈ રાવલીયા નું સારવાર બાદ કોરોના થી મોત



કેશોદઃ(રાજુભાઈ પંડ્યા)

કેશોદ માં રહેતા રમેશભાઈ ગેલાભાઈ રાવલીયા પૂર્વ સૈનિક દેશના દુશ્મનો સામે બહાદુરીપુર્વક જંગ લડીને દુશ્મનોનો ખાત્મો બોલાવનાર દેશના જાંબાજ પુર્વ સૈનિક કોરોના સામેની લડાઈમા હારી જવાની હૃદયદ્રાવક ઘટના કેશોમાં બની છે.દેશના જવાનો સામે બહાદુરીપુર્વક જંગ લડીને દંશના દુશ્મનોનો બહાદુરીપુર્વક ખાત્મો બોલાવનાર રમેશભાઈ ગેલાભાઈ રાવલીયા સૈન્યમાં ફરજ પુરી કરીને વયનિવૃત્ત થયા હતા.પત્નિ અને બે પુત્ર સાથે રમેશ રાવલીયા સુખેથી જીવન વિતાવતા હતા.કમનશીબે સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર જીવલેણ કોરોનાએ રમેશભાઈ રાવલીયાને ટાર્ગેટ બનાવ્યા હતા.કોરોના પિડિત રમેશ રાવલીયાને સારવાર માટે રાજકોટ ખાતેની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા.સતત ૧૫ દિવસ સુધી રમેશભાઈ રાવલીયાને બહાદુરીપુર્વક કોરોના સામે જંગ લડ્યા હતા.કમનશીબે દેશના દુશ્મનોનો ખાત્મો બોલાવનાર રમેશ રાવલીયા

૦૧-૧૦-૨૦૨૦ના રોજ ઢળતી સાંજે કોરોના સામેનો જંગ હારી ગયા છે.રમેશ રાવલીયાનું હોસ્પિટલમાં જીવલેણ કોરોના સામેની લડાઈ માં કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.દેશની રક્ષા કાજે જાનની બાજી લગાવનાર વીર બહાદુર પુર્વ સૈનિક રમેશ રાવલીયાના નિધનના સમાચાર વાયુવેગે પ્રસરી જતાં તેમના સગા સંબંધીઓ,મિત્રો સહિતના હજારો લોકોની આંખો અશ્રુભિની થઈ ગઈ હતી.

વિશ્વભરમાં હાહાકાર મચાવનાર કોરોના સામેની લડાઈમાં પુર્વ શૈનિક હારી જવાની હૃદયદ્રાવક ઘટનાએ ભારે સોક અને આઘાતની લાગણી ફેલાવી દીધી હતી. પરિવાર મિત્ર વર્તુળ સહિત સગા સંબંધીઓ તમામ લોકો ચોંધાર આંસુંએ રડી પડ્યા હતા.સમગ્ર પરિવાર તેમજ કેશોદ વિસ્તારમાં ભારે શોક,દુખ અને આઘાતની લાગણી છવાઈ ગઈ હતી.

### મીની રાજઘાટ : ગાંધીજીના અસ્થિઓનું ગામ એટલે

## મહાદેવગ્રામ પર ગાંધીજયંતીએ જાયન્ટ્સ મોડાસાએ પુષ્પાંજલિ અર્પી,વૃક્ષારોપણ



અરવલ્લી બ્યુરો મોડાસા

મીની રાજઘાટ તરીકે ઓળખાય છે અહીંનું ગાંધી સ્મારક ૧૯૪૮ માં ગાંધીજીના અસ્થિ સ્વતંત્રસેનાની ગૌરીશંકર જોષી લાવ્યા હતા . ૨ જી ઓકટોમ્બર એટલે ગાંધી જયંતિ.સમગ્ર દેશમાં આજે ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે દિલ્હીના રાજપાટ પછી મીની રાજઘાટ તરીકે ઓળખાતું ગાંધી સ્મારક મોડાસા તાલુકાના મહાદેવગ્રામ ( બાકરોલ ) ખાતે આવેલું છે.મિની રાજઘાટ તરીકે ઓળખાતા આ સ્થળ અંગે ઘણા ઓછા લોકોમાં જાણકારી હશે ત્યારે ગાંધીજીના દેહાંત બાદ તેમના અસ્થિને સમગ્ર ભારતમાં યાત્રા સ્વરુપે ફેરવવામાં આવ્યા હતા ત્યારે ૧૨ ફેબ્રુઆરી ૧૯૪૮ ના રોજ મેશ્વો અને ઝુમર નદીના સંગમસ્થાન તરીકે ઓળખાતા હાથિયા ડુંગરની તળેટીમાં ગાંધીજીનું સ્મારક બનાવવામાં આવ્યું હતું .મીની રાજઘાટ પર જાયન્ટ્સ ગ્રુપ ઓફ મોડાસાના અને સ્થાનિક નેતાઓ,ગાંધી વિચારધારા સાથે સંકળાયેલ લોકોએ પુષ્પાંજલી અર્પી હતી આજે પણ વર્ષો બાદ પણ ગ્રામજનો દ્વારા ગાંધી જન્મ જયંતિ અને નિર્વાણ દિને શ્રધ્ધા સુમન અર્પણ કરવામાં કરવામાં આવે છે.સ્વતંત્ર ચળવળ દરમ્યાન મહાદેવગ્રામ ( બાકરોલ ) ના ગૌરીશંકર જોષી અને મનસુખભાઈ મિસ્ત્રીએ ગાંધીજી અને અન્ય સ્વતંત્રસેનાનીઓના નજીક ના મિત્રો ગણાતા હતા.જયારે આઝાદી બાદ જયારે ગાંધીજીએ દેહ છોડ્યો હતો ત્યારે મહાદેવગ્રામ ( બાકરોલ ) ના ગૌરીશંકર જોષી અને મનસુખભાઈ મિસ્ત્રી તે સમયે ત્યાં હાજર હતા અને ત્યારબાદ તેઓ ગાંધીજીના અસ્થિઓને મહાદેવગ્રામ ( બાકરોલ ) ખાતે લાવીને અહીં ગાંધીજીના અસ્થિઓનું સ્મારક બનાવવામાં આવ્યું હતું . રવિશંકર મહારાજ અને ઈન્દુલાલ યાજ્ઞિક જેવા મહાન વ્યકિઓએ પણ આ સ્મારકની મુલાકાત લઈને ધન્યતા અનુભવી હતી . મીની રાજઘાટ તરીકે ઓળખાતા મહાદેવગ્રામ ( બાકરોલ ) માં સમયાંતરે યોજાતા કાર્યક્રમો માં પણ નેતાઓની પાંખી હાજરી જોવા મળે છે ત્યારે તેનાથી ઉલટુ સાબરકાંઠાના પુર્વ સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ નો વર્ષોથી મહાદેવગ્રામ ( બાકરોલ ) ના મીની રાજઘાટ પ્રત્યે અન્યન લગાવ જોવા મળ્યો છે અને નાના માં નાના પ્રસંગમાં આજે પણ પુર્વ સાંસદ સાક્ષી બને છે અને પોતાના કાર્યકાળ દરમ્યાન સારી એવી ગ્રાન્ટની ફાળવણી ગાંધી સ્મારકના વિકાસ માટે કરી હતી .

સ્વતંત્ર ચળવળ દરમ્યાન મહાદેવભાઈ દેસાઈ છાશવારે બાકરોલ ગામની મુલાકાતે આવતાં અને જેતે સમય માં બાકરોલ ગામના લોકો સાથેના સંબંધો એટલા સુધી મજબુત બન્યા કે બાકરોલ તરીકે ઓળખાતા ગામના ગ્રામજનોએ ગામનું નામ બદલી ને મહાદેવગ્રામ પાડયું હતું .

### એક બુટલેગરે ઘરમાં અને બીજા બુટલેગરે ખેતરમાં સંતાડ્યો હતો દારૂ

## માલપુર પોલીસે ચોરીવાડ ગામે બે સ્થળેથી ૩૩ હજારનો વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દેશી દારૂ સાથે વિદેશી દારૂની પણ મોટા પ્રમાણમાં પીવાઈ રહ્યો હોવાથી બિલાડીના ટોપની જેમ બુટલેગરોનો રાફડો ફાટી નીકળ્યો છે રાજસ્થાન અડીને હોવાથી અંતરિયાળ માર્ગેથી વીદેશી દારૂનો જથ્થો લાવી વેપલો કરી રહ્યા છે અરવલ્લી એસપી સંજય ખરાત અને ડીવાયએસપી ભરત બસીયાના આગમન પછી જીલ્લામાં બુટલેગરો પર તવાઈ બોલવતા નામચીન બુટલેગરો ભૂગર્ભમાં ઉતરી જતા સ્થાનિક નાના બુટલેગરો સક્રિય થયા છે માલપુર પોલીસે ચોરીવાડ ગામમાંથી નરસિંહ રામભાઈ મસારના ઘરેથી ૨૫ હજાર અને અમરત કોહ્યાભાઈ પગીના ખેતરમાંથી ૮ હજારનો દારુનો જથ્થો જપ્ત કર્યો હતો પોલીસ રેડની ગંધ આવી જતા બંને બુટલેગરોએ ફરાર થઈ જતા પોલીસ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

માલપુર પીએસઆઈ એન.એમ.સોલંકી અને તેમની ટીમને ચોરીવાડ ગામમાં વિદેશી દારૂના અડ્ડા ધમધમતા હોવાની બાતમી મળતા બાતમીના આધારે નરસિંહ રામભાઈ મસાર નામના બુટલેગરના ઘરે છાપો મારતા ઘરમાંથી વિદેશી દારૂ,ક્વાંટરીયા,બીયરના ટીન અને રાજસ્થાની દેશી મદિરાની પ્લાસ્ટિક ક્વાંટરીયા નંગ-૨૧૩ કી.રૂ.૨૫૭૦૦/-નો જથ્થો જપ્ત કર્યો હતો અન્ય એક બુટલેગર અમરત કોહ્યાભાઈ પગીએ ખેતરમાં દારૂનો જથ્થો સંતાડ્યો હોવાની બાતમી મળતા માલપુર પોલીસે મકાઈના ખેતરમાં શોધખોળ હાથધરતા ખેતરમાં મકાઈના પાકની વચ્ચોવચ સંતાડી રાખેલ વિદેશી દારૂના ક્વાંટરીયા અને પ્રીન્સ દેશી મદિરાના ક્વાંટરીયા નંગ-૭૧ કી.રૂ.૮૫૦૦/-નો જથ્થો જપ્ત કરી પોલીસરેડ જોઈ ફરાર બંને બુટલેગરો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાંન કર્યા હતા

## રાજ્યની તમામ ખાનગી શાળાઓમાં ૨૫ ટકા ફી રાહત અપાશે

રાજ્ય સરકારે ગુજરાતની તમામ ખાનગી શાળાઓમાં આ વર્ષે વાલીઓને ૨૫ ટકા ફી રાહત આપવાનો જન હિતકારી નિર્ણય કર્યો છે

આ નિર્ણય રાજ્યમાં આવેલી CBSE, IB, ICSE, CSE સહિતની તમામ ખાનગી શાળાઓમાં ફી માટેની વાલીઓની વ્યાપક રજૂઆતને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ ની આગેવાનીમાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ અંગેની વિશદ ચર્ચા વિચારણા કરીને વાલીઓ, શાળા સંચાલકો, વિદ્યાર્થીઓના હિતમાં આ મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવેલો છે.

શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ રાજ્ય મંત્રીમંડળના આ નિર્ણયની ભૂમિકા આપતા કહ્યું કે રાજ્ય સરકારે ગુજરાત હાઈકોર્ટના દિશા નિર્દેશો અને ચુકાદાને પગલે શાળા સંચાલકો અને વાલી મંડળો બેય સાથે બેઠકનો દૌર કર્યો હતો. તેમને સાંભળ્યા હતા.

આ બેઠકો ની ચર્ચા વિચારણાના પરિણામે શાળા સંચાલકો અને વાલી મંડળ બેય ૨૫ ટકા ફી રાહત માટે રાજ્ય સરકાર સાથે સહમત થયા છે.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે રાજ્યની કોઈપણ શાળા આ વર્ષે ઈતર ફી જેમાં ટ્રાન્સપોટેશન, લાયબ્રેરી, કોમ્પ્યૂટર, સ્પોર્ટસ અને મનોરંજન સહિતની ફીનો સમાવેશ થાય છે તેવી કોઈ જ ઈતર ફી લઈ શકશે નહી.

શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું કે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વાલીઓના વ્યાપક હિતમાં એવો પણ નિર્ણય કર્યો છે કે જે વાલીઓએ અગાઉ પુરી ફી ભરી છે તેમને હવે આ નિર્ણય મુજબ ફી સરભર કરી અપાશે.

તેમણે એમ પણ ઉમેર્યું કે હ્લઈઝમાં જોડાયેલી શાળાઓને પણ ૨૫ ટકા ફી રાહતનો આ નિર્ણય લાગુ પડશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જે શાળાઓએ સ્વયંભૂ અને સ્વૈચ્છિક રીતે ૨૫ ટકા ફી રાહતની જાહેરાત કરી હતી તેમનો આભાર વ્યક્ત કરતા રાજયના સૌ વાલીઓને અનુરોધ કર્યો છે કે હવે રાજ્ય સરકારે આ રાહત આપેલી છે ત્યારે વાલીઓએ ૩૧ ઓક્ટોબર સુધીમાં પોતાના બાળકોની ફી ૫૦ ટકા ભરી દેવી જોઈએ.

શિક્ષણ મંત્રી શ્રી એમ પણ કહ્યું કે ફી માં આ રાહતને પરિણામે ખાનગી શાળાના શિક્ષકોને છૂટા કરવાની કે પગાર-વેતન ન મળવાની જે ફરિયાદો આવેલી છે તે સંદર્ભમાં રાજ્ય સરકારે કોઈ પણ શિક્ષકને છુટા નહી કરવા ખાનગી શાળા સંચાલકોને સ્પષ્ટપણે સુચનાઓ આપી છે.

શિક્ષણ મંત્રીશ્રીએ વિપક્ષ કોંગ્રેસ દ્વારા ૧૦૦ ટકા ફી રાહતની જે માંગ કરવામાં આવી છે તેનો પ્રત્યુત્તર આપતા કહ્યું કે, કોઈ પણ કોંગ્રેસ શાસિત રાજ્યમાં ૧૦૦ ટકા ફી માફી આપવામાં આવી હોય તેનો એકાદ દાખલો કોંગ્રેસ બતાવે.

શ્રી ભુપેન્દ્રસિંહ એ રાજ્યમાં વિદ્યાર્થીઓનું અને શિક્ષણનું હિત સચવાય, કટુતા કે વૈમનસ્ય વધે નહીં અને સૌ સમન્વયથી કાર્યરત રહે તેવી અપીલ પણ કરી હતી.

તેમણે વિશ્વાસ દર્શાવ્યો કે કેન્દ્ર સરકારની નવી શિક્ષણ નીતિના રાજ્યમાં યોગ્ય અમલથી ગુજરાત શિક્ષણ ક્ષેત્રના સર્વગ્રાહી વિકાસમાં પણ મુખ્ય મંત્રીશ્રીના માર્ગદર્શનમા લીડ લેશે.

ૠસીએમ-પીઆરઓ/ ભરત ગાંગાણી

## બનાસકાંઠા જિલ્લામાં આજથી નશાબંધી સપ્તાહનો પ્રારંભ થયો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લામાં આજ તા. ૨ જી ઓકટોબર, પૂજ્ય મહાત્મા ગાંધીજીના જન્મદિવસથી તા. ૮ મી ઓકટોબર સુધી નશાબંધી સપ્તા હની ઉજવણીનો પ્રારંભ થયો છે. પાલનપુર શ્રી કે. કે. ગોઠી હાઈસ્કુલ ખાતે નશાબંધી અને આબકારી કચેરી બનાસકાંઠા દ્વારા આ સપ્તાપહની ઉજવણી અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. નશાબંધી સપ્તાકહની ઉજવણીના ભાગ રૂપે શ્રી કે. કે. ગોઠી હાઈસ્કુલ ખાતે ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતા બાળકોને પ્રમાણપત્ર અને સ્મૃતિચિન્હ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સોળગામ લેઉઆ પાટીદાર મંડળના પ્રમુખ શ્રી રમેશભાઈ પટેલ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર. કે. પટેલ, નશાબંધી અને આબકારી ખાતાના ઈન્સપેક્ટર શ્રી એન. એ. દેવાણી, નશાબંધી અને આબકારી ખાતાના સબ ઈન્સપેક્ટર શ્રીમતી ફાલ્ગુનીબેન મોદી, મહાત્મા ગાંધી એવોર્ડ વિજેતા શ્રી ગૌતમભાઈ પરમાર, શ્રી કે. કે. ગોઠી હાઈસ્કુલ આચાર્યશ્રી મણીલાલ સુથાર સહિત અગ્રણીઓ, અધિકારીઓ, સ્વસ્તિક શાળા પરિવાર વગેરે સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરમાં જી બાઈકની સાથે ઈ બાઈક દોડતા કરવા ચક્રો ગતિમાન

## પર્યાવરણની સુરક્ષા માટે ઈલેકટ્રીક બાઈકનો પ્રોજેક્ટ સ્માર્ટ સિટી હેઠળ હાથ ધરાશેઃ મેયરશ્રી

ગાંધીનગરઃ

ગાંધીનગર શહેરની હરિયાળી અને પર્યાવરણની તંદુરસ્તી જગજાહેર છે. હવે પર્યાવરણની સુરક્ષાની સાથે લોકોને પરવડે તેવા ભાડાથી નગરભરમાં ૬૦૦ જેટલા સીંગલ રાઈડર ઈલેકટ્રીક બાઈક દોડતા કરવાની યોજના સ્માર્ટ સિટી અંતર્ગત હાથ ધરવામાં આવી છે. રૂપિયા ૧૫ કરોડના અંદાજીત ખર્ચની આ યોજના માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી દેવામાં આવી છે અને મોડામાં મોડું જાન્યુઆરી મહિનાની શરૂઆતમાં નગરમાં ઈ બાઈક દોડતા કરી દેવામાં આવશે. મેયરશ્રી રીટાબેન પટેલે શહેરના નાગરિકો અને શહેરના પર્યાવરણ માટે અત્યંત મહત્વની આ યોજના સંબંધમાં જણાવ્યું કે યોજના અંતર્ગત ગાંધીનગરમાં નવા ભળેલા વિસ્તાર સહિત ૩૦ નાના અને ૩૦ મોટા સ્ટેન્ડ ઉભા કરવામાં આવશે. ત્યાંથી ઈલેકટ્રીક બાઈક અને સાઈકલ પણ મળી શકશે. કોઈપણ વ્યક્તિને આ સુવિધા વ્યાજબી ભાડા ચુકવણી કરવાથી ઉપલબ્ધ થશે.

સ્માર્ટ સિટી અંતર્ગત મળનારી આ સુવિધા સંબંધમાં માળખાકીય સુવિધા માટે કુલ ખર્ચમાંથી ૨ કરોડ જેટલો ખર્ચ મહાનગર પાલિકા કરશે. જ્યારે બાકીનો ૧૩ કરોડ જેટલો ખર્ચ ટેન્ડર મેળવનાર કંપની દ્વારા ભોગવવામાં આવશે. ઈ બાઈકનું કલાક કે દિવસ પ્રમાણેનું ભાડું કોન્ટ્રાક્ટર દ્વારા નક્કી કરવામાં આવશે, પરંતુ તેને આખરી મંજુરી મહાનગર પાલિકા આપશે. કુલ ૬૦ સ્ટેન્ડ પર ઈ બાઈક અને જી બાઈક મળીને ૯૦૦ વ્હિકલ ઉપલબ્ધ કરાવવાની યોજનામાં ઓછામાં ઓછા ૬૦ ટકાથી લઈને વધુમાં વધુ ૮૦ ટકા જેટલા ઈ બાઈક મુકવામાં આવનાર છે. સીંગલ રાઈડર વ્હિકલ પરિવહનને અને તેના દ્વારા પ્રદુષણ મુક્ત પરિવહનને પ્રોત્સાહન આપનારી આ યોજના અંતર્ગત થનારી ભાડાની આવક અને ઈ બાઈક તથા જી બાઈક પર જાહેરાત મુકીને થનારી આવક પ્રથમ ૩ વર્ષ માટે કોન્ટ્રાક્ટરને મળશે. ત્યાર બાદ નિયત કરીને ચોક્કસ રકમ મહાપાલિકાને મળે તેવી શરત મુકવામાં આવશે.

-- દેશના મોટા શહેરોમાં ઈ બાઈકને પ્રતિસાદ મળ્યો છે--

ગુજરાતમાં આ પ્રકારની ઈલેકટ્રીક બાઈકની યોજના અમદાવાદમાં અમલી કરવામાં આવી છે. આ પરાંતદિલ્હી, ભોપાલ અને મૈસુરમાં પણ ઈ બાઈકની યોજનાને પ્રતિસાદ મળ્યો છે.

--ગ્રીન ગાંધીનગર કોન્સેપ્ટને વેગ મળશેઃ રીટા પટેલ—

મોટી સંખ્યામાં ઈલેકટ્રીક બાઈક અને સાઈકલ ફરતા થવાથી ગ્રીન ગાંધીનગરના કોન્સેપ્ટને વધુ વેગ મળશે, તેમ કહેતા મેયરશ્રી રીટાબેન પટેલે કહ્યું કે મહાપાલિકાનો ઈરાદો આ યોજનામાં આવક મેળવવાનો નથી પરંતુ શહેરમાં પ્રદુશણ રોકવાનો છે.

# ૨ જી ઓક્ટોબર- ગાંધી જયંતિ નિમિત્તે પાલનપુર ખાતે મંત્રીશ્રી વાસણભાઈ આહીરના અધ્યક્ષસ્થાને હેન્ડ વોશીંગ ડે ની ઉજવણી કરાઈ

## આંગણવાડી કેન્દ્રોમાં શ્રેષ્ઠે કામગીરી કરનાર તેડાગર અને આંગણવાડી કાર્યકર બહેનોનું માતા યશોદા એવોર્ડથી સન્માન કરાયું.



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારતના સંકલ્પને સાકાર કરવા તા. ૨ જી ઓક્ટોબર- પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે પાલનપુર સહિત બનાસકાંઠા જિલ્લામાં કુલ- ૩૨૪ જગ્યાએ હેન્ડ વોશીંગ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. હેન્ડ વોશીંગ ડે ની ઉજવણી અંતર્ગત પાલનપુર મુકામે જામપુરા પ્રાથમિક શાળામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ વિભાગના રાજ્ય મંત્રીશ્રી વાસણભાઈ આહીરના અધ્યક્ષસ્થાને તથા ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેનશ્રી મગનલાલ માળીની ઉપસ્થિતિમાં જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લાની ૩૨,૦૦૦ મહિલાઓ સહિત રાજ્યની પાંચ લાખ મહિલાઓએ એક સાથે હેન્ડવોશનો પ્રયોગ કરીને સ્વચ્છતાના સંકલ્પ લીધા હતા.

આ પ્રસંગે મંત્રીશ્રી વાસણભાઈ આહીરે પૂજ્ય મહાત્મા ગાંધીજીને શ્રધ્ધાજંલિ અર્પણ કરતાં જણાવ્યું કે, આપણા લાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂજ્ય બાપુના સપનાનાં ભારતના નિર્માણ માટે અભિયાન આદર્યું છે. તેમણે કહ્યું કે, આવનારી પેઢીઓ બાપુના જીવનમાંથી પ્રેરણા મેળવે તે માટે ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યુ કે સ્વચ્છતાને ગુરૂમંત્ર બનાવી આપણા વડાપ્રધાનશ્રીએ સ્વચ્છ ભારત અભિયાન શરૂ કરાવ્યું છે જેને લોકોના સાથ અને સહકારથી ખુબ સારી સફળતા મળી છે. મંત્રીશ્રીએ કહ્યું કે, માતા યશોદાએ કૃષ્ણા— કનૈયાનું લાલન-પાલન કરવાનું કામ કર્યુ હતું તેવું જ પવિત્ર કામ આજે આંગણવાડીની માતાઓ-બહેનો કરી રહી છે. તેમણે જણાવ્યું કે કોરોનાના કપરા સમયમાં આંગણવાડીની બહેનોએ કોરોના વોરીયર અને પોષણ વોરીયર્સ તરીકે સેવાનું ઉત્તમ કામ કર્યુ છે. તેમણે ઉમેર્યુ કે રાજયના મહિલા અને બાળ વિકાસ વિભાગે આંગણવાડી કેન્દ્રોને નવી ઓળખ આપી આંગણવાડીની બહેનોને માન-સન્માન આપવાની નવી પ્રમાણી શરૂ કરાવી છે. મંત્રીશ્રીએ કહ્યું કે, સ્વચ્છતા લોકોનો સ્વભાવ બને તે માટે રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ વર્ષ-૨૦૧૭ના વર્ષને ગુજરાતને ખુલ્લામાં શૌચમુક્ત રાજય જાહેર કર્યુ છે. તેમણે કહ્યું કે, નાના બાળકો, કિશોરીઓ, સગર્ભા માતાઓ અને ધાત્રી માતાઓ કુપોષણમુક્ત બને તે માટે રાજ્ય સરકાર તેમની વિશેષ ચિંતા કરી કાળજી રાખે છે. દૂધ સંજીવની યોજનામાં ૬ માસથી ૬ વર્ષ સુધીના બાળકો અને સગર્ભા માતાઓને ૨૦૦ મી.લી. ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે. તેમણે ઉમેર્યુ કે રાજ્ય સરકાર દ્વારા ગુજરાતને કુપોષણ મુક્ત બનાવવા પોષણ અભિયાન ચલાવવામાં આવે છે. આમ અનેકવિધ અભિયાનસ્વરૂપ કામગીરીના લીધે ગુજરાત મોડેલની સમગ્ર દેશ અને દુનિયામાં પ્રશંસા થાય છે.

મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ પ્રસંગે ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેનશ્રી મગનલાલ માળીએ જણાવ્યું કે, પૂજ્ય બાપુ સ્વતંત્રતાના જેટલાં આગ્રહી હતાં એટલાં જ સ્વચ્છતાના પણ આગ્રહી હતાં. તેમણે કહ્યું કે, આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીજીની જન્મજયંતિને સ્વચ્છતા દિવસ તરીકે ઉજવવાનું શરૂ કરાવ્યું છે. ચેરમેનશ્રીએ કહ્યું કે, મહિલાઓ, વંચિતો સહિત તમામ લોકોના વિકાસ માટે સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની સરકાર સંકલ્પબધ્ધ છે. તેમણે જણાવ્યું કે, કોરોનાની વૈશ્વિક મહામારીમાં બાળકો સુધી પૌષ્ટિઓક આહાર પહોંચાડવાનું ભગીરથ કાર્ય આંગણવાડીની બહેનોએ કર્યુ છે. તેમણે કહ્યું કે, કોરોનાથી ડરવાની જરૂર નથી પરંતુ સાવચેતી રાખી કોરોના સાથે જીવવું એ હવે આદત પાડવી પડશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે બનાસકાંઠા જિલ્લાના ૧૧ નવા નંદઘરનું ઈ-લોકાર્પણ અને ૨૨ નંદઘરોનું ઈ-ભૂમિપૂજન તથા (ફ્રૈંછ) નંદઘર ઈન્ફોર્મેશન ટ્રેકિંગ એપ્લિકેશનનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આંગણવાડી કેન્દ્રમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર પાલનપુર ઘટક-૪ તાલેપુરા કેન્દ્રના આંગણવાડી કાર્યકરશ્રી રમીલાબેન વણસોલા અને તેડાગર બહેનશ્રી નૂરજહાં શેખનું મંત્રીશ્રીના હસ્તે માતા યશોદા એવોર્ડથી સન્માન કરાયું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી અજય દહીયાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. આ પ્રસંગે કલેકટરશ્રી આનંદ પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી આર.વી.વાળા, નગરપાલિકા પ્રમુખશ્રી અશોકભાઈ ઠાકોર, અગ્રણીઓ સર્વશ્રી અમૃતભાઈ દવે, શ્રી મોતીભાઈ પટેલ, શ્રી દિનેશનભાઈ પટેલ, શ્રી ભગુભાઈ કુગશીયા, શ્રી ગિરીશભાઈ જગાણીયા, શ્રી કૌશલ જોષી, પ્રાંત અધિકારીશ્રી એસ.ડી. ગિલવા, નાયબ જિ. વિકાસ અધિકારીશ્રી દેસાઈ, આઈ.સી.ડી.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી યશવંતીબેન ચાવડા સહિત અધિકારીઓ, કર્મચારીઓ અને સારી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# 'સત્યાગ્રહી પરિવાર'દ્વારા ગાંધી સ્મૃતિ સ્મરણ સફરનું આયોજન કરાયુ




આજે ૧૫૧મી ગાંધી જયંતિ નિમિત્તે 'સત્યાગ્રહી પરિવાર' દ્વારા આયોજીત બીજી ઓક્ટોબર, ૨૦૨૦, શુક્રવારના રોજ અમદાવાદ આશ્રમ રોડ પર આવેલા દરેક ગાંધી સ્મૃતિ સંસ્થાન પર જઈ ગાંધી સ્મૃતિ સ્મરણ સફર સવારે ૧૦.૩૦ વાગે, કોચરબ આશ્રમ, પાલડી, અમદાવાદ થી પ્રારંભ કરી સાબરમતી આશ્રમ, વાડજ, અમદાવાદ સુધી પ્રાર્થનામય સફરનું આયોજન કર્યું...

જેમાં (૧) શાસકોના હૃદયમાં ઉદ્યોગપતિઓના બદલે ખેડૂત- મજૂર- કારીગર- નાના વ્યાવસાયિક વર્ગ માટે કરૂણા પ્રગટ થાય...

(૨) પ્રત્યેક ભારતીય વસ્તુઓના ઉત્પાદન- ખરીદ- વેચાણ સમયે સ્વદેશીનો આગ્રહી બને...

(૩) વર્તમાન શાસકો ભારતના અણમોલ રત્નો સમાન સરકારી એકમોની થઈ રહેલી વેચાણ પ્રક્રિયા આત્માના અવાજ થકી અટકાવે...

એવાં મનના શુદ્ધ ભાવે બિનરાજકીય સત્યાગ્રહ થકી કોઈના પ્રત્યે રાગ - દ્વેષ - કટુતા - ઈર્ષ્યા - નિંદા - ટીકા - વિરોધ કે સૂત્રોચ્ચાર વિના અજાણે ભૂલ કરનારાઓને સત્યની અનુભૂતિ કરાવવા ક્ષમા અને કરૂણામય ભાવ સહ પ્રાર્થના કરી હૃદય પરીવર્તન કરાવવાનો અમે સૌ સત્યાગ્રહીઓએ સામૂહિક પ્રાર્થના કરી... ઉપરોકત ત્રણેય બાબતો અંગે સત્તાધીશોના હૃદય પરિવર્તિત થાય અને પ્રત્યેક નાગરીક પોતાના હકો, અધિકારો અને કર્તવ્યો માટે જાગૃત થાય એવાં શૂભાશ્રયથી પ્રાર્થનાનો પ્રારંભ કોચરબ આશ્રમ, સવારે ૧૧.૦૦ કલાકે કર્યો ત્યારબાદ એમજેલાઈબ્રેરી, ગુજરાતી સાહિત્ય પરીષદ, ગાંધી સ્ટેચ્યુ, નવજીવન પ્રેસ, ગુજરાત વિદ્યાપીઠ, ખાદી વણાટ કેન્દ્ર, ઈમામ મંઝિલ થઈ સાબરમતી આશ્રમ ખાતે, બપોરે ૨.૦૦ સુધી પ્રાર્થનામય સફર પરિપૂર્ણ કરી... લગભગ ત્રણ કલાકનો સમય થયો...

આયોજક : અનોખુ સત્યાગ્રહી પરિવાર...

માહિતી સંકલન : સત્યાગ્રહી નિમિષ શાહ...

# ભારતીય કિસાન સંઘ સિદ્ધપુર દ્વારા ૧૫૧ મી ગાંધી જયંતિ ની ઉજવણી



આજ રોજ તારીખઃ૨/૯/૨૦૨૦ ને શુક્રવાર ના રોજ પરમ પૂજય મહાત્મા ગાંધી જી ની ૧૫૧ મી જયંતિ નિમિતે ભારતીય કિસાન સંઘ સિદ્ધપુર શહેર ના ઉપપ્રમુખ શ્રી તેમજ સામાજિક અને રાજકીય અગ્રણી ગુજરાત પ્રદેશ ના શ્રી પ્રકાશ ચંદ્ર દવે.સિદ્ધપુર લારી અસોસિયનન ના શ્રી ત્રિભોવન ભાઈ.ઝહુર ભાઈ મેમણ.મધુ બેન રાવળ.મનસુખ ભાઈ બાવાજી.તોસિફ ભાઈ(સુપર ડેરી વાળા).ઉમેશ ભાઈ.અસલમ ભાઈ.જાબિર ભાઈ.ચેતન ભાઈ ઠાકોર સાથે અન્ય કાર્ય કર્તા ઓ ઉપસ્થિત રહી.પવિત્ર અધિક માસ ના પાવન દિવસે પરમ પૂજ્ય મહાત્મા ગાંધી જી ની ૧૫૧ મી જયંતિ નિમિત્તે ફૂલ હાર પહેરાવી આશીર્વાદ મેળવ્યા હતા.

# આણંદ શહેર માં વિવિધ માર્ગો નું ખાત મુહૂર્ત કરવામાં આવતા પ્રજા માં ખુશીની લહેર ફેલાઈ



આણંદ શહેર ના વોર્ડ ન ૬ માં આણંદ જિલ્લા ભાજપ લઘુમતી મોરચા ના પ્રમુખ શ્રી સિકંદર માસ્ટર, મ્યુ કાઉન્સીલર અને ૧૦૮ ના નામે જાણીતા અનવર ચા વાલા,ઝૂંપડપટ્ટી પ્રમુખ સતિષ ભાઈવગેરે ની હાજરી માં મ્યુ કાઉન્સીલર શ્રીહિરેનભાઈ ( ભયલુ ભાઈ) પટેલ ના વરદ હસ્તે આજે ખુશ્બુ પાન થી ખાટકી વાડ શુધી,મહાવીર માર્ગ થી નયાવતન,મેટ્રોમોટર્સ થીરેલવે ફાટક. શુધી,ના કુલ ચાર મુખ્ય માર્ગો નું રુ.૨૫ઃ૩૬લાખ.ના ખર્ચે નવીન બાંધકામ કરવા માટે નું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું આ પ્રસંગે વોર્ડ ૬ માંથી ગત ચૂંટણી માં હારી જનાર.રાધિકાબેન પણ હાજર રહી સેવા માટે માત્ર સત્તા નહિ પરંતુ મનોભાવના મહત્વની હોય છે એ સાબિત કરી આપ્યું આ ઉપરાંત મુસ્લિમ વિસ્તાર માં એક સાથે આટલા વિશાળ રોડ રસ્તા નું બાંધકામ શરૂ થતાં આ વિસ્તાર ના નાગરિકો માં આનંદ ની લાગણી પ્રસરી જવા પામી હતી આ પ્રસંગે ફિરોઝ મોગરિયા,રાધિકાબેન રોહિત,ફારૂક શુર્યા, સલીમખાતરવાળા,કરિશ્માબેન લાઈટ વાલા ,વગેરે હાજર રહી કામની ગતિ ને વેગ આપવા કટિબદ્ધતા વ્યક્ત કરી અને નાગરિકો ની શુવિધા માટે તત્પર હોવા નો પ્રયાસ કર્યો હતો જેને હાજર રહેલી આવિસ્તાર ની હિન્દૂ મુસ્લિમ જન મેદની એ એકી અવાજે વધાવી પ્રસંસા વ્યક્ત કરી હતી. અહેવાલ , તસ્વીર અનવરબહાદરપુરવાળા ,આણંદ.

## સિધ્ધપુર કોંગ્રેસ દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિની તેમની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરી ઉજવણી કરવામાં આવી



આજ રોજ ૨,જી ઓકટોબર ૧૫૧મી ગાંધી જયંતિ નિમિતે સિદ્ધપુર જૂના ટાવર પાસે મહાત્મા ગાંધીજી ની પ્રતિમા પર સિદ્ધપુર ધારાસભ્ય શ્રી ચંદન જી ઠાકોર સાહેબનાં અધ્યક્ષ સ્થાને પુષ્પાંજલિ કરવામાં આવ્યું. સાથે ઞ્ઞ મંત્રી ઈબ્રાહિમ ભાઈ ચારોલિયા , ઞ્ઞ સહમંત્રી દશરથ ભાઈ પટેલ , ઞ્ઞ મહિલા મંત્રી જયાબેન શાહ, તાલુકા પ્રમુખ હમીદભાઈ મોકનોજિયા , શહેર પ્રમુખ અમરસિંહ ઠાકોર , પૂર્વ જીલ્લા પંચાયત પ્રમખશ્રી અભેસિંહ ઠાકોર , પંચાયત પ્રમુખ કાન્તિજી ઠાકોર , મુસ્લિમ અગ્રણી રશીદભાઈ કુરેશી , જીલ્લા મંત્રી હર્ષદભાઈ પધ્યા , તાલુકા મહિલા પ્રમુખ અંજનાબેન દિવાન , શહેર મહિલા પ્રમુખ પરવીનબેન રંગરેજ , દિપકભાઈ બારોટ , ભુરાભાઈ પઠાણ , માજિદખાન પોલાદી , જયદીપસિંહ ઠાકોર , પ્રકાશજી ઠાકોર , નગરપાલિકા સદસ્ય ગૌરીબેન , જયાબેન , રૂપસંગજી ઠાકોર , પ્રવીણજી ડેલીગેટ , ભૂપેન્દ્રસિંહ વાઘેલા , દિનેશજી કોટ , રતિલાલ બારોટ તેમજ શહેર કોંગ્રેસ સમિતિના આગેવાનો, હોદેદારો તેમજ કાર્યકરોએ હાજરી આપી.

# લંડન સ્થિત સંસ્થા વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના નેશનલ વાઇસ પ્રેસિડેન્ટ તરીકે દિવ્ય ત્રિવેદીની નિમણુંક કરાઈ



લંડન સ્થિત અંતર રાષ્ટ્રીય સંસ્થા વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા ગાંધીનગરના યુવાન દિવ્ય ત્રિવેદીની નેશનલ વાઈસ પ્રેસિડેન્ટ તરીકે નિમણુંક કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે લંડન સ્થિત મળેલ બેઠકમાં સંસ્થાના સ્થાપક સભ્ય અને બ્રિટિશ સંસદ ના સાંસદ્સભ્ય શ્રી વીરેન્દ્ર શર્મા , શ્રી દિવાકર શુક્લ , આઈપીએલ ના પૂર્વ ચેરમેન શ્રી રાજીવ શુક્લ , શ્રી સંતોષ શુક્લ દ્વારા શ્રી દિવ્ય ત્રિવેદી ની નેશનલ વાઈસ પ્રેસિડેન્ટ તરીકે નિમણુંક કરવામાં આવી હતી. સંસ્થા નું મુખ્ય કાર્ય જે તે વ્યક્તિ , સમાજ અને સંસ્થા કે સરકારી સંસ્થા એ કરેલ અનોખા કાર્ય બદલ સિર્ટીફીકેટ આપીને સન્માન કરે છે અને તેને અનોખી સિદ્ધિ બદલ નોંધ પણ લેવામાં આવે છે. અગાઉ સંસ્થા દ્વારા ભારત ના ગૃહમંત્રી શ્રી અમિત શાહ જી , નેપાળ રાષ્ટ્રના પ્રધાનમન્ત્રી શ્રી કે પી શર્મા ઓલી , ગુજરાત રાજયના મુખ્યમન્ત્રી શ્રી વિજયભાઈ રૂપાણી , હરિયાણા મુખ્યમન્ત્રી શ્રી મનોહરલાલ ખટ્ટર , ઉત્તરપ્રદેશ અને મધ્ય પ્રદેશ ના રાજયપાલ શ્રીમતી આનંદીબેન પટેલ , રાજયના મહિલા અને બાળ વિકાસ મઁત્રી શ્રીમતી વિભાવરીબેન દવે સહીત અનેક અગ્રણીઓને તેમની સિદ્ધિ બદલ સન્માન કરીને વિશ્વ રેકોર્ડ પ્રસ્થાપિત કર્યો છે. દિવ્ય ત્રિવેદીની નિમણુંક બદલ સંસ્થના માર્ગદર્શક શ્રી મુરલી મનોહર જોશી જી , શ્રી કલરાજ મિશ્રાજી , આઈપીએલ ના પૂર્વ ચેરમેન અને રાજયસભાના સાંસદ શ્રી રાજીવ શુક્લ , સંસ્થાના ભારતના અધ્યક્ષ શ્રી સંતોષ શુક્લ સહીત કોર્પોરેટ જગતના અગ્રણીઓ અને બ્રહ્મસમાજના આગેવાનોએ શ્રી દિવ્ય ત્રિવેદીને અભિનંદન પાઠવ્યા હતા અને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

# ત્રણ દિવસમાં કોરોના ૫ દર્દિઓને ભરખી ગયો પણ સરકારી ચોપડે શૂન્ય..!!

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં છેલ્લા થોડા દિવસોથી કોરોનાનો કહેર ઘટતા દરે હોય તેમ જીલ્લા આરોગ્ય તંત્ર બે કે ત્રણ કેસ પોઝેટીવ હોવાનું જાહેર કરી રહી છે રાજ્ય સરકાર અરવલ્લી જીલ્લામાં ૫ થી ૭ કેસ હોવાનું તેના બુલેટિનમાં જાહેર કરી રહી છે રાજ્ય સરકારના ચોપડે ૬૦૦ થી વધુ કેસ નોંધાયા છે બીજી બાજુ જીલ્લા આરોગ્ય તંત્ર ૫૦૦ ની આસપાસ કોરોનાના દર્દીઓ નોંધાયાનું ગાણું ગાઈ રહી છે આરોગય વિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર મોડાસા શહેરમાં આવેલી કોવીડ હોસ્પિટલમાં મોતનો સિલસિલો યથાવત રહ્યો છે છેલ્લા ત્રણ દિવસમાં કોવીડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૫ લોકોનું મોત નિપજતા લોકોમાં ફફડાટ ફેલાયો છે મોડાસામાં શહેરીજનો અને મુલાકાતિઓની બેફિકરાઈ ભર્યા વર્તનના પગલે શહેરમાં સતત કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે

પરંતુ સવાલ અહિં એ ઉભો થાય છે કે, સરકારી ચોપડે ત્રણ દિવસમાં એક પણ દર્દીનું કોરોનાનાં કારણે મોત થયું નથી તો શું કોવિડ હોસ્પિટલમાં મોત નિપજેલ તમામ દર્દીઓ કોરોના પોઝિટિવ ન હતા. અને જો આ ૫ દર્દીઓના મોત થયા છે તેઓ કોવિડ હોસ્પિટલમાં કઈ બીમારીની સારવાર લઈ રહ્યા હતા. સૌથી મોટો પ્રશ્ન એ છે કે, શું હવે રાજ્યમાં અને અરવલ્લી જીલ્લામાં કોરોનાથી મોત થયેલ દર્દીઓના આંકડાઓ સાથે ગોલમાલ કરવામાં આવી રહ્યો છે.

અરવલ્લી જીલ્લામાં સરકારી ચોપડે કોરોના સંક્રમણની શ્રુંખલા તૂટી હોવાનો આભાસ આરોગ્ય તંત્ર કરી રહ્યું હોવાનું જાગૃત નાગરિકો અહેસાસ અનુભવી રહ્યા છે બીજીબાજુ સરકારે માસ્ક નહિ પહેરનાર સામે ૧ હજાર રૂપિયા દંડના નક્કી કરી દીધા હોવાથી નગરપાલિકા તંત્ર અને પોલીસતંત્ર માસ્ક વગરના લોકો સામે ઘર્ષણના બનાવો બનતા હોવાથી તેમની સામે દંડનીય કાર્યવાહી કરવાની બંધ કરી દીધા બરોબર હોવાથી મોટા ભાગના વેપારીઓ,ફેરિયાઓ અને લોકો હવે માસ્ક પહેરવાનું જ છોડી દેતા આગામી સમયમાં કોરોનાનું વિકરાળ સ્વરૂપ જોવા મળી શકે છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.